જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૭-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

વાયુસેનાનાની એર સ્ટ્રાઈકઃ મિરાજ-૨૦૦૦ લડાકુ વિમાનોએ આતંકી અડ્ડાઓ પર ૧૦૦૦ કિલો બોમ્બ ઝીંક્યા

પુલવામા હુમલાનો બદલોઃ મોદી હૈ તો મુમકિન હૈઃ પીઓકેમાં આતંકીઓનો સફાયો કર્યો

૨૫ ટ્રેનરો સહિત ૩૫૦ આતંકીઓનો ખાત્મો,વહેલી સવારે ભારતીય વાયુ દળના વિમાનોએ પીઓકેમાં ૬૦ કિ.મી. અંદર ઘુસી હાહાકાર મચાવી દીધો,મિરાજ-૨૦૦૦ના ૧૨ વિમાનોએ મિશન પૂર્ણ કર્યુ,જૈશના ૩ કંટ્રોલરૂમ નેસ્તનાબુદ,૫૦૦ મીટરના વિસ્તારમાં ટાર્ગેટ કરી ભારતીય વિમાનોએ બોંબનો વરસાદ વરસાવ્યો,પાકિસ્તાન ફફડી ઉઠયું

દેશ સલામત હાથોમાં છે, ઝુકવા નહીં દઉંઃ વડાપ્રધાન મોદી

ચુરુ

પાકિસ્તાન પર મોટી કાર્યવાહી બાદ પહેલી વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના ચુરૂમાં એક જાહેર સભાને સંબોધિત કરવા પહોંચ્યા. વડાપ્રધાને ચુરૂની સ્થાનિક બોલીમાં લોકોનું અભિવાદન કરી તેમને સંબોધિત કર્યા. રેલીમાં ઉત્સાહિત લોકોને મોદી બોલ્યા, આજે તમારો મિજાજ કંઇક અલગ લાગી રહ્યો છે, હું તમારો આ ઉત્સાહ સમજી રહ્યો છું. આ એવો મોકો છે જ્યારે આપણે આપણા દેશના પરાક્રમી વીરોને માથું નમાવી નમન કરીએ.

ખાસ વાત રહી છે કે પ્રધાનમંત્રી જે મંચ પરથી રેલીને સંબોધિત કરી રહ્યા હતા. તેના પર પુલવામામાં શહીદ ૪૦ સીઆરપીએફના જવાનોની તસવીરો પણ લગાવેલી હતી. કહ્યું હું આજે ચુરૂની ધરતી પરથી તમને લોકોને વિશ્વાસ અપાવું છું કે દેશ સુરક્ષિત હાથોમાં છે. વડાપ્રધાને આગળ કહ્યું કે દેશથી વધીને કંઇ નથી હોતું. દેશની સેવા કરનારા, દેશના નિર્માણમાં લાગેલ દરેક વ્યક્તિને આ પ્રધાનસેવક નમન કરે છે. ચુરૂ સીકરના હજારો નૌજવાન રાષ્ટ્રરક્ષામાં ડટાયેલા છે આથી આપની સેવા મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલી દરમ્યાન ૨૦૧૪માં ચૂંટણી પ્રચાર દરમ્યાન ચર્ચામાં આવેલી કવિતા 'મેં દેશ નહીં ઝૂકને દૂંગા' ફરીથી દોહરાવી. મોદી એ રેલીને સંબોધિત કરતાં કહ્યું કે, 'સોગંધ મુજે ઇસ મિટ્ટી કી મેં દેશ નહીં ઝૂકને દૂંગા. સોગંધ મુજે ઇસ મિટ્ટી કી મેં દેશ નહીં મિટને દૂંગા. મેં દેશ નહીં રૂકને દૂંગા. મેરા વચન હૈ, ભારત માં કો તેરા શીશ ઝૂકને નહીં દૂંગા. જાગ રહા હૈ દેશ મેરા, હર ભારતવાસી જીતેગા. સોગંધ મુજે ઇસ મિટ્ટી કી મેં દેશ નહીં ઝૂકને દૂંગા'.





ન્યુ દિલ્હી

જમ્મુ અને કશ્મીરના પુલવામા જિલ્લામાં સીઆરપીએફના ૪૦ જવાનોનો ભોગ લેનાર પાકિસ્તાન સ્થિત ત્રાસવાદીઓની સંડોવણીને પગલે ભારતે આજે પાકિસ્તાન વિરુદ્ધ મોટું લશ્કરી પગલું ભર્યું છે. ગઈ વહેલી સવારે લગભગ ૩.૩૦ વાગ્યે ભારતીય હવાઈ દળે પાકિસ્તાને કબજે કરેલા કશ્મીરમાં ઘૂસીને ત્યાં બોમ્બમારો કર્યો હતો. હવાઈ દળનના ૧૨ મિરાજ-૨૦૦૦ વિમાનોએ અંકુશ રેખા પરના ત્રાસવાદી અડ્ડાઓ પર ૧૦૦૦ કિલો બોમ્બ ઝીંક્યા હતા અને અડ્ડાઓનો સંપૂર્ણપણે નાશ કરી દીધો છે.

ભારતીય એરફોર્સે મિરાજ વિમાનોનો ઉપયોગ કરીને સમગ્ર ઓપરેશનને ૨૧ મિનિટમાં અંજામ આપ્યો હતો. ભારતીય વાયુદળોનાં વિમાનોએ મુઝ્ઝફરાબાદમાં મોડી રાત્રે ૩.૪૮થી ૩.૫૫ સુધી, બાલાકોટમાં ૩.૪૫થી ૩.૫૩ સુધી અને ચકોટીમાં ૩.૫૮થી ૪.૦૪ સુધી હુમલાને અંજામ આપ્યો હતો.

વાયુસેનાનો આ હુમલો સંપૂર્ણપણે સફળ રહ્યો હતો અને પાકિસ્તાનના આતંકી કેમ્પો સંપૂર્ણપણે તબાહ થઇ ગયા હતા. મંગળવારે વહેલી પરોઢિયે ભારતીય વાયુદળોએ એલઓસી પાર કરીને પાકિસ્તાન સીમામાં આવેલા આતંકી સંગઠન જૈશ-એ-મોહંમદના કેમ્પ પર હુમલો કરીને કેમ્પોને સંપૂર્ણપણે સાફ કરી દીધા હતા. પ્રાથમિક અહેવાલો અનુસાર ૨૧ મિનિટમાં ૧૨ મિરાજ વિમાનનો ઉપયોગ કરીને ૧૦૦૦ કિલો બોમ્બ ઝીંકીને ૩૦૦થી વધુ આતંકીઓનો ખાતમો કરી દેવાયો હતો.

ભારતીય વાયુદળના આ હુમલાના સમાચાર સંપૂર્ણપણે સાચા હોવાનું એટલા માટે માનવામાં આવી રહ્યું છે. કારણ કે પાકિસ્તાને પણ આ વાત સ્વીકારી છે કે ભારતીય વાયુસેનાના વિમાનો પાકિસ્તાનમાં ઘૂસી ગયા હતા અને અંકુશરેખા ઓળંગી હોવાનો પણ આક્ષેપ કર્યો છે. જૈશના આલ્ફા ૩ ના ઠેકાણાને સંપૂર્ણપણે નષ્ટ કરી દેવામાં આવ્યું છે. આ હુમલા કરીને જવાનોએ મૌલાના મસુદ અઝહર ખાનના ૪ સગા ભાઈઓને ઠાર માર્યા છે.

એર સ્ટ્રાઈક વખતે વડાપ્રધાન મોદી વોર રૂમમાં જ હાજર હતા

પુલવામામાં થયેલા આતંકી હુમલાનો ભારતે બદલો લેવાની સાથે સાથે આતંકવાદની કમર પણ તોડી નાખી છે. મંગળવારે વહેલી સવારે એરફોર્સે એલઓસી પાર કરીને પીઓકેના આતંકી કેમ્પ પર હવાઈ હુમલો કરીને તેમના બધા કેમ્પ બરબાદ કરી દીધા છે. એટલું જ નહીં, સરકારી સૂત્રો દ્વારા એવી પણ માહિતી આપવામાં આવી છે કે, એરફોર્સની આ સૌથી મોટી કાર્યવાહીમાં ૩૦૦ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા છે. સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારતીય વાયુસેના જ્યારે પીઓકેમાં ઘૂસીને જૈશના આતંકી ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી રહ્યાં હતા ત્યારે વોર રૂમમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સમગ્ર ઓપરેશન ઉપર નજર હતી. વોર રૂમમાં મોદીની સાથે અન્ય નેતાઓ પણ હાજર હતાઃ સરકારી સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભારતીય વાયુસેનાના ઓપરેશન સમયે વડાપ્રધાન મોદી દિલ્હીમાં આવેલા વોર રૂમમાં હાજર હતા.

એર સ્ટ્રાઈકમાં જૈશના કમાન્ડર સહિત અનેક આતંકીઓનો ખાત્મો

એર સ્ટ્રાઈકમાં જૈશના વડા મસૂદ અઝહરનો સાળો યૂસુફ અઝહર માર્યો ગયો : વિદેશ સચિવ

જૈશ-એ-મોહમ્મદ દેશમાં બીજો ફિદાયીન હુમલો કરવાની તૈયારી કરી રહ્યું હતુઃ વિદેશ સચિવ

ન્યુ દિલ્હી

ભારતના વિદેશ સચિવ વિજય ગોખલેએ જણાવ્યું હતું કે, ૧૪ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સ્થિત આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદે પુલવામાં આતંકી હુમલો કર્યો હતો. જેમાં આપણા ૪૦ જવાનો શહીદ થયા હતાં. આ અગાઉ પઠાણકોટમાં પણ જૈશ તરફથી જ હુમલો કરવામાં આવ્યો હતો. પાકિસ્તાન હંમેશા આ આતંકી સંગઠનો પોતાના દેશમાં હોવાનો ઈનકાર કરે છે. પાકિસ્તાનને અનેકવાર આ બાબતના પુરાવાઓ સોંપવામાં આવ્યા પરંતુ તેણે આ આતંકી સંગઠનો પર કોઈ જ કાર્યવાહી કરી નથી. પાકિસ્તાનના વલણને ધ્યાનમાં રાખતા ભારતે સકારાત્મક પગલા ભરવાની રણનીતિ



તૈયાર કરી. ગોખલેએ પાકિસ્તાન પર કરવામાં આવેલી બીજી સર્જીકલ સ્ટ્રાઈક વિષે વાત કરતા જણાવ્યું હતું કે, આજે સવારે પાકિસ્તાનના બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરવામાં આવી છે. જેમાં જૈશના કમાંડર સહિત અનેક આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ એક અસૈન્ય કાર્યવાહી હતી જેમાં આતંકી સંગઠનને નિશાન બનાવવામાં આવ્યા છે. ગોખલેએ ઉમેર્યું હતું કે, ૨૦ વર્ષથી પાકિસ્તાન આતંકી ષડયંત્ર રચી રહ્યું હતું અને આતંકી સંગઠનો પર આજ સુધી તેણે કોઈ જ કાર્યવાહી કરી નથી. વિદેશ સચિવે જણાવ્યું હતું કે, એક ગુપ્ત જાણકારી બાદ ભારતે એક નોન મિલિટરી એક્શનની તૈયારી કરી. તેમણે જણાવ્યું હતું કે, ત્યાર બાદ જૈશના બાલાકોટમાં હુમલા કરી જૈશ એ મોહમ્મદના કેમ્પને તબાહ કરવામાં આવ્યા.

પાકિસ્તાની સેના અને પ્રજા તમામ સ્થિતિ માટે તૈયાર રહેઃ ઈમરાન ખાન

મુંબઈ

પાકિસ્તાનની સંસદમાં ઈમરાન ખાન વિરુદ્ધ નારા લાગ્યા હતા. ઈમરાન ખાને રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બોલાવી હતી જેમાં તેમણે બાલાકોટમાં આ પ્રકારનો હુમલો થયો હોવાનું નકારી દીધું છે. તેમણે કહ્યું છે કે પાકિસ્તાનની સેના અને પ્રજા કોઈ પણ સ્થિતિ માટે તૈયાર રહે. આવતીકાલે પાકિસ્તાનમાં સંસદના સંયુક્ત સત્રને બોલાવામાં આવ્યું છે. આ સત્રમાં વિદેશ મંત્રી સદનને નેશનલ સિક્યોરિટી અને વર્તમાન સ્થિતિ વિશે માહિતી આપશે. પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી તહરીક-એ-ઈન્સાફને એક ટ્વીટમાં જણાવ્યું છે કે વડાપ્રધાન ઈમરાન ખાને પાકિસ્તાનની સેના અને લોકોને તમામ પ્રકારની કાર્રવાઈ માટે તૈયાર રહેવાનું સૂચવ્યું છે. પાકિસ્તાનમાં વડાપ્રધાન ઈમરાન ખાનના નેજા હેઠળ રાષ્ટ્રીય સુરક્ષા સમિતિની બેઠક બોલવાઈ હતી. આ બેઠકમાં તેમમે બાલાકોટ સ્ટ્રાઈકને નકારી દીધી હતી. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાનના વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનને સુરક્ષા અને આત્મરક્ષાનો અધિકાર છે. પાકિસ્તાન પોતાની નક્કી કરેલા સ્થળ અને જગ્યાએ બદલો લેશે.



ગુજરાતમાં એલર્ટ ને પગલે

રાણપુર પોલીસ દ્વારા શહેરમાં ફ્લેગ માર્ચ યોજી સઘન વાહન ચેકીંગ કરવામાં આવ્યુ





ગુજરાતમાં એલર્ટ ને પગલે બોટાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના થી તકેદારીના ભાગરૂપે રાણપુર પોલીસ દ્વારા રાણપુર શહેર આવેલા તમામ ઓદ્યોગીક એકમો તથા રાણપુર ટાઉન વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી સાથે રાણપુર વિસ્તારમાંથી પસાર થતા તમામ વાહનોનુ સઘન હાથે ચેકીંગ કરવામાં આવ્યા હતુ

લોયા સ્વામિનારાયણ મંદીરના સંત ઉત્તમ સ્વામીએ

રાણપુર પાંજરાપોળના અબોલ પશુઓને નિરણ ખવડાવી તેમના જન્મદિવસ ની ઉજવણી કરી



બોટાદ જીલ્લા ના રાણપુર પાસે આવેલ સ્વામિનારાયણ ભગવાન નુ પ્રસાદી નુ ગામ એટલે લોયાધામ લોયા સ્વામિનારાયણ મંદીર ના સંત ઉત્તમસ્વામી નો આજે જન્મદિવસ હતો તેમણે જન્મદિવસ ની ઉજવણી રાણપુર પાંજરાપોળ ના એક હજાર કરતા વધુ અબોલ પશુ ઓની સાથે જન્મદિવસ ની ઉજવણી કરી હતી એક સંત પોતાના જન્મદિવસે ૪૦૦ મણ લીલી નિણ પાંજરાપોળ ના પશુ ઓને પોતાની હાથે ખવડાવી શકતા હોય તો સંસાર માં રહેતા લોકો એ પોતાના મોજ શોખ પડતા મુકીને પોતાનો જન્મદિવસ પાંજરાપોળ ના અબોલ પશુ ઓને ખવડાવી ઉજવવામાં આવે તો જન્મદિવસ ની સાચી ઉજવણી કરી કહેવાય.જ્યારે રાણપુર પાંજરાપોળ ના ટ્રસ્ટીઓએ લોકો ને અપીલ કરી છે કે રાણપુર પાંજરાપોળ ને કોઈ જાતની આવક નથી અને ૩૦ લાખ નુ દેવુ છે દરોજ નો ૪૦ હજાર નો ખર્ચ છે ૧૦૦૦ કરતા વધારે નિરાધાર પશુ ઓના પાલન માટે રાણપુર પાંજરાપોળ ને દાન આપવા માટે વિનંતી કરવામાં આવી હતી

મેઘપર બોરિચીની ક્રીષ્ના પબ્લિક સ્કૂલ દ્વારા રેલી : કેંડલ માચે પાસ્ટનું આયોજન



આર્ય પબ્લિક સ્કૂલ , નવરચના સ્કૂલ , ઉન્નતિ સ્કૂલ , સ્પરીંગડેલ સ્કૂલ , ન્યુ પ્રભાત સ્કૂલ ના અંદાજીત ૧૭૬૦ થી વધુ શીક્ષકો અને છાત્રો જોડાયા હતા. સૈનિકો ને ભાવભીની શ્રદ્ધાંજલિ અપર્ણ ,સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન નવનીતા રાઠી માર્ગદર્શન મુજબ કરાયુ હતુ,

જમ્મુ કાશ્મીર ના પુલવામાં આંતકવાદી દ્વારા થયેલ હુમલામાં શહીદ થયેલ ૪૨ જવાનો ને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના હેતુસર મેઘપર બોરિચી ની અંદર આવેલ ક્રીષ્ના પબ્લિક સ્કૂલ દ્વારા શ્રધ્ધાંજલિ રેલી , કેંડલ માચે પાસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેની અંદર આયે પબ્લિક સ્કૂલ , નવરચના સ્કૂલ , ઉન્નતિ સ્કૂલ , સ્પરીંગડેલ સ્કૂલ , ન્યુ પ્રભાત સ્કૂલ હતા . જેની અંદર ૧૭૬૦ થી વધુ શીક્ષકો અને છાત્રો જોડાયા હતા. દેશભક્તિ ની ભાવના સાથે સૈનિકો ને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવા માં આવી હતી વિદ્યાર્થી ઓ એ રેલી કાઢી શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

વિધાર્થી દ્વારા શહેર ના મુખ્ય માર્ગ ઉપર ફરીને અને શહીદ થયેલ ૪૨ જવાનો ને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ શ્રધાંજલિ કાર્યક્રમ માં નવનીતા રાઠી, મે,ડાયેરકટર કિષ્ના પબ્લિક સ્કૂલ, માધવ સ્કૂલ, ડી,પી સ્કૂલ, તથા શાળા ના ટ્રસ્ટી , શાળા ના શિક્ષકો, વિદ્યાથીઓ , તેમજ સ્થાનિક ના દરેક સમાજ ના ભાઈઓ મોટી સંખ્યા માં હાજર રહયા

આ કાર્યક્રમ દરમિયાન દરેક લોકો ના ચહેરા ઉપર અશ્રુ ભયા દ્રશ્યો જોવા મળેલ, તથા પાકિસ્તાન મુરદાબાદ, શહીદો અમર રહો, ભારત માતા કી જય ના નારા લગાવીયા હતા.

કચ્છ ગાંધીધામમાં પંક્ચરની દુકાનમાં કમ્પ્રેસર ફાટ્યું : એક વ્યક્તિનું મોત



હવાનું દબાણ વધી જતાં કમ્પ્રેસરમાં અચાનક બ્લાસ્ટ થયો હતો : કોમ્પ્રેસરના ટુકડાથી દુકાનની વ્યક્તિને ઈજા

સામાન્ય રીતે ગેસના બોટલમાં કે કોઇ કંપનીના બોઈલરમાં બ્લાસ્ટ થતાં હોવાની ઘટનાઓ બનતી હોય છે. જોકે, કચ્છમાં પંક્ચરની દુકાનમાં રાખેલા બ્લાસ્ટ થયાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. જ્યારે એક વ્યક્તિ ઈજાગ્રસ્ત થઇ હતી. બ્લાસ્ટના પગલે દુકાનની અંદરના ભાગે નુકસાન પહોંચ્યું છે. મળતી માહિતી પ્રમાણે ગાંધીધામમાં રાજીવ ફાટક પાસે ન્યુ ટેગિયા ટાયર સર્વિસ નામની દુકાન આવેલી છે. આ દુકાનમાં આજે સોમવારે સવારે ટાયરમાં હવા ભરવાનું કમ્પ્રેસર ચાલું હતું.

આ સમયે હવાનું દબાણ વધી જતાં કમ્પ્રેસરમાં અચાનક બ્લાસ્ટ થયો હતો. અને કમ્પ્રેસના ટૂકડા દુકાનમાં રહેલા વ્યક્તિને વાગ્યા હતા. જેના પગલે ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જોકે, તેનું મોત થયું હતું. કમ્પ્રેસર ફૂટવાના કારણે દુકાનની અંદર રહેલા માલ સામાનને પણ ભારે નુકસાન થયું હતું. ફ્લાસ્ટની સાથે જ લોકોના ટોળા એકઠાં થયા હતા. સાથે સાથે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી.

હળવદમાં માવઠું, બપોરે તોફાની પવન સાથે હળવું વરસાદી ઝાપટું





હળવદ પંથક માં કમોસમી વરસાદ પડતાં રવિ પાકોમાં નુકશાન ની ભીતિ ખેડૂતોમાં નિરાશા : લગ્ન પ્રસંગના મંડપ ઉડ્યા

હળવદ પંથકમાં ભરશિયાળે થોડા સમયે પૂર્વે જ માવઠું થયા બાદ આજે ફરીથી હળવું વરસાદી ઝાપટું પડ્યું હતું જેમાં બપોરે તોફાની પવન સાથે વરસાદ વરસ્યો હતો જોકે વરસાદનું એક ઝાપટું વરસ્યા બાદ બંધ થયો હતો ભરશિયાળે વરસાદી માવઠું હવે લોકો માટે આશ્ચર્યજનક રહ્યું નથી થોડા સમયે પૂર્વે જ વરસાદી માવઠા જોવા મળ્યા હતા તો આજે ફરીથી એવી જ સ્થિતિ સર્જાઈ હતી સવારથી હવામાનમાં પલટો અને વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોરે તોફાની પવન ફૂંકાયો હતો અને ધુલિયા નગર હળવદ માં ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી અને બાદમાં વરસાદી ઝાપટું વરસી પડ્યું હતું માવઠાને પગલે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે અને વારંવાર થતા માવઠા અને હવામાનમાં બદલાવને કારણે રવિપાકને નુકશાની થવાની ભીતિ સેવાઈ રહી છે.

પુલવામા હુમલાના શહીદોના ૧૩મા દિવસે જ ભારતે કર્યું પાકિસ્તાનનું બારમું

ન્યુ દિલ્હી

૧૮ સપ્ટેમ્બર બાદ ૨૦૧૬માં ઉરીમાં સેનાના કેમ્પ પર થયેલા આતંકી હુમલામાં ભારતીય સેનાના ૧૮ જવાનો શહીદ થયા હતાં. આ હુમલાનો બદલો લેવા ભારતે નિયંત્રણ રેખા પાર કરીને સર્જીકલ સ્ટ્રાઈકને અંજામ આપ્યો હતો. જેમાં પાકિસ્તાનની ધરતી પર બનાવવામાં આવેલા આતંકી કેમ્પોનો ખાતમો બોલાવવામાં આવ્યો હતો. ભારતે ૨૯ સપ્ટેમ્બરે જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ઘુસીને ઉરી હુમલાના ૧૧ દિવસ બાદ જ સર્જિકલ સ્ટ્રાઈકને અંજામ આપ્યો હતો.

હવે પોલવામા હુમલામાં પણ આવી જ બાબત સામે આવી છે. પહેલી સર્જીકલ સ્ટ્રાઈક બાદ પુલવામા હુમાલો પણ કંઈક આ રીતે જ બદલો લેવામાં આવ્યો છે. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ થયેલા પુલવામા હુમલાના ઠીક ૧૩માં દિવસે જ ભારતે પાકિસ્તાન પર આકરૂ પગલું ભર્યું છે.

ભારતીય વાયુસેનાએ ૨૬મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ સવારે સાડા ત્રણ વાગ્યે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અને ખૈબર પુખ્તૂનખ્વાહ પ્રાંતમાં છેક અંદર સુધી ઘુસીને વધુ એક સર્જીકલ સ્ટ્રાઈકને અંજામ આપ્યો છે. આ વખતે જમીન પર નહીં પણ આકાશમાંથી પાકિસ્તાન પર પ્રહાર કરવામાં આવ્યો છે. ભારતીય વાયુસેનાના ૧૨ જેટલા મિરાજ-૨૦૦૦ યુદ્ધ વિમાનોએ બાલાકોટ, ચકોટી અને મુઝફ્ફરબાદમાં જૈશ-એ-મોહમ્મદના ઠેકાણાઓ પર ૨૧ મીનીટ સુધી બોમ્બ વરસાવીને હુમલાઓ કર્યા હતા. પુલવામામાં સીઆરપીએફના ૪૦ જવાનો આતંકી હુમલામાં શહીદ થયા હતાં. જેની જવાબદારી જૈશ-એ-મોહમ્મદે સ્વિકારી હતી.

આમ પુલવામા હુમલામાં શહીદ થયેલા શહીદોના ૧૩મા પર જ પાકિસ્તાનનું પણ બારમું કરી દેવામાં આવ્યું છે. આ સાથે ભારતે દુનિયાભરમાં એક સંદેશો પણ આપ્યો છે કે જો ભારત પર હુમલા કરવામાં આવશે તો ભારત પણ તેનો ઘરમાં ઘુસીને જવાબ આપશે.

મોબાઈલ નંબર પોર્ટ કરાવવાનું થશે સસ્તુ, ૨૦૧૮માં ગ્રાહકોની સંખ્યામાં ૩૭ ટકાનો ઘટાડો

ન્યુ દિલ્હી

મોબાઈલ નંબરને લઈને ક્યારેક ગ્રાહક અને કંપની વચ્ચે ટકરાવ થાય છે ક્યારેક સેવાને લઈને તો ક્યારેક નેટવર્કને લઈને તો ક્યારેક બીજી કોઈ કંપની તરફથી વધારે આપવામાં આવતા ફાયદાઓને લઈને મોબાઈલ નંબર પોર્ટ કરાવવીની નોબત આવે છે. આવા સમયે કંપનીઓને ટ્રાઈના નવા નિયમો અનુસાર મોબાઈલ પોર્ટ કરાવવા પર કંપની તરફથી ચાર્જ વસુલવામાં આવે છે. આમ ગ્રાહકોને તો બંને બાજુ નુકસાન થાય છે. ટ્રાઈએ આ સંદર્ભે એમએનપી નિયમોમાં ધરખમ ફેરફાર કર્યો છે.

આવનારા દિવસોમાં નંબર પોર્ટ કરાવવાનું સસ્તુ થઈ જશે. ટ્રાઈ ટૂંક સમયમાં મોબાઈલ ગ્રાહકોને આ ભેટ આપવાનું વિચારી રહ્યા છે. ટ્રાઈનું કહેવું છે કે દૂરસંચાર ક્ષેત્રમાં હર મહિને થનારા નંબર પોર્ટની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, ટ્રાઈ તરફથી તમામ મોબાઈલ કંપનીઓને પોર્ટિંગ શુલ્ક સસ્તુ કરવા તમામ પાસે અભિપ્રાય માંગવામાં આવ્યા છે. ટ્રાઈએ કહ્યુ કે ગયા વર્ષે તમામ દૂરસંચાર મોબાઈલ સેવા પ્રદાતા કંપનીઓનું વિલય કરવામાં આવ્યુ છે. આ સિવાય કેટલીક કંપનીઓ બંધ પણ થઈ ગઈ છે. આ કારણે નંબર પોર્ટ કરાવનારા ગ્રાહકોની સંખ્યા ખુબજ ઓછી થઈ છે. ટ્રાઈએ ઉદાહરણ આપતા કહ્યુ કે સપ્ટેમ્બર ૨૦૧૮ અને ઓક્ટોબર ૨૦૧૮માં ગ્રાહકોની સંખ્યામાં ૩૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ટ્રાઈએ છેલ્લા ૩૧ જાન્યુઆરીએ પોર્ટિંગ શુલ્ક ૧૯ રૂપિયાથી ઘટાડીને ૪ રૂપિયા કરી છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ટ્રાઈના એમએનપી નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

વડાપ્રધાને દિલ્હીમાં કર્યું ૮૦૦ કિલોની ભગવદ ગીતાનું અનાવરણ

માનવતાના દુશ્મનોથી ધરતીને બચાવવા માટે પ્રભુની શક્તિ હંમેશા આપણી સાથે હોય છે: મોદી

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના ઈસ્કોન મંદિરમાં સૌથી વજનદાર ભાગવત ગીતાનું અનાવરણ કર્યું છે. ૧૨ ફૂટ લાંબુ અને ૯ ફૂટ પહોળા આ પુસ્કતનું વજન ૮૦૦ કિલો છે. આ પુસ્તક છાપવામાં અઢી વર્ષનો સમય લાગ્યો છે અને તેની કુલ કિંમત રૂ. દોઢ કરોડ છે. મોદી મેટ્રોથી ઈસ્કોન મંદિર પહોંચ્યા હતા. અહીં તેમણે લોકો સાથે મુલાકાત કરી હતી. યંગસ્ટર્સ અને બાળકોએ મોદી સાથે સેલ્ફી પણ લીધી હતી. અહીં વડાપ્રધાન મોદીએ ગીતાને હજારો વર્ષથી પ્રેરક ગ્રંથ ગણાવ્યો હતો. વધુમાં વડાપ્રધાને કહ્યું કે માનવતાના દુશ્મનોથી ધરતીને બચાવવા માટે પ્રભુની શક્તિ હંમેશા આપણી સાથે હોય છે.




આ ગીતા ઈટલીના મિલાન શહેરમાં તૈયાર કરવામાં આવી છે. તેને દરિયાઈ માર્ગે ગુજરાતના મુંગ્રા પોર્ટ લાવવામાં આવી છે. આ પુસ્તકને ભારત લાવવામાં એક મહિનો થયો છે. ૨૦ જાન્યુઆરીએ આ પુસ્તકને દિલ્હીના ઈસ્કોન મંદિરમાં લાવવામાં આવ્યું છે. ઈસ્કોનના સંસ્થાપક આચાર્ય શ્રીમદ્ એસી ભક્તિ વેદાંત સ્વામી શ્રીલ પ્રભુપાદે ગીતા પ્રચારના ૫૦ વર્ષ પૂરા થતાં આ પુસ્તક તૈયાર કરાવ્યું છે. આ પુસ્તકને છાપવા માટે દરેક કેન્દ્રો પાસેથી ફંડ ભેગુ કરવામાં આવ્યું છે. ૧૧ નવેમ્બરે તેને ઈટલીના મિલાન શહેરમાં પ્રદર્શીત કરવામાં આવ્યું હતું. આ ગીતામાં કુલ ૬૭૦ પેજ છે. તેને સિન્થેટિકના મજબૂત કાગળ પર તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં સોના, ચાંદી અને પ્લેટિનમનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. તેના પેજને પલટવા માટે ચાર વ્યક્તિઓની જરૂર પડે છે.

મૉલ-મલ્ટીપ્લેક્ષની સુરક્ષામાં વધારો, સૌરાષ્ટ્ર-કચ્છનો દરિયાકિનારો જોખમી

રાજ્યમાં પોલીસનું સઘન ચેકિંગ, એરપોર્ટ અને ચેકપોસ્ટ-ઈસરો પર સુરક્ષા વધારાઈ

નર્મદા ડેમ, અને ગુજરાત રિફાઈનરીની સુરક્ષામાં વધારો, હાઈવે પર વાહનોનું ચેકિંગ



રાજકોટ-સુરત-વેરાવળ

૧૪મી ફેબ્રુઆરી પુલવામામાં થયેલા આતંકી હુમલાના ૧૩માં દિવસે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનમાં ઘુસીને ૩૦૦ જેટલા આતંકીઓનો સફાયો કર્યો છે. જેને લઈ હાલ દેશભરમાં હાઈએલર્ટ છે. ત્યારે ગુજરાતના સરહદીય વિસ્તારો અને મુખ્ય શહેરો અમદાવાદ, રાજકોટ, બરોડા, સુરતમાં સઘન પોલીસ ચેકિંગ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ સમુદ્રી કિનારો અને એરપોર્ટ પર સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. અમદાવાદના ઈસરોમાં પણ પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે.

ભારતીય વાયુસેનાએ બાલાકોટમાં ૧૦૦૦ કિલો બોમ્બ ફેંક્યા હતા જેના પગલે અમદાવાદ શહેરમાં ઠેર-ઠેર પોલીસ ચેકિંગ શરૂ કરવામાં આવ્યું છે. અમદાવાદ એરપોર્ટ અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનની સુરક્ષા વ્યવસ્થા વધારવામાં આવી છે. તો બીજી તરફ અમદાવાદ શહેરની ચેકપોસ્ટ પર પોલીસે ચેકિંગ હાથ ધરી છે, બહારથી આવતા વાહનોની ઝીણવટભરની તપાસ કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં હાઈએલર્ટના પગલે રાજકોટ પોલીસ સંતર્ક બની છે પોલીસ કમિશનરે કોઇ પણ સ્થળે ૪ લોકોએ ભેગા ન થવા કલમ સાથેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરી દીધું છે અને સ્થાનિક પોલીસ દ્વારા રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ પર ડોગ સ્કવોડ સહિત ચેકિંગ હાથ ધર્યું છે. રાજકોટ પોલીસે શહેરના મોલ-મલ્ટીપ્લેક્ષ અને એરપોર્ટ પર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

હાઈએલર્ટના પગલે બરોડા શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત પોતે શહેરના તમામ સ્થળો પર જઈ ચેકિંગ હાથ ધર્યું છે. અનુપમસિંહે શહેરના જવાનોને એલર્ટ રહેવા સુચના આપી છે. બરોડાના જાંબુઆ ચેક પોસ્ટ પર પોલીસે ચેકિંગ હાથ ધર્યું છે. તો શહેરના મૉલ-મલ્ટીપ્લેક્ષ અને એરપોર્ટની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત હાઈએલર્ટના પગલે સુરતના જાહેર સ્થળો, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન સહિતના મોલ અને મલ્ટીપ્લેક્સ બહાર સુરક્ષા સઘન કરી દેવામાં આવી છે. અને કોઈ અનિચ્છનિય લાગતી વ્યક્તિ કે ચીજનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારા પર હાઇ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. અસંખ્ય નિર્જન ટાપુઓ અને આંતરિયાળ કિનારાઓ પર પોલીસની બાજ નજર છે. દરિયાકિનારા પર સઘન સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. દરિયાકિનારે રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. સ્થાનિક પોલીસે સુચાનાઓ આપી દીધી છે કે કોઇ પણ શંકાસ્પદ ચીજવસ્તુ કે વ્યક્તિ દેખાય તો તાકીદે પોલીસને જાણ કરવી.

વડોદરા શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને આઈ.જી.પી. અભય ચુડાસમા દ્વારા પોલીસ તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું હતું. વડોદરા પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત શહેરના માંડવી ખાતે જઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓને સૂચના આપી હતી. આ સાથે શહેર નજીક આવેલા મોટા ઉદ્યોગો ગુજરાત રિફાઈનરી, આઈ.પી.સી.એલ., હેવી વોટર પ્લાન્ટ ખાતે સુરક્ષા વધારી દેવામાં હતી. આ સાથે કંપનીઓના સત્તાધિશોને પણ સુરક્ષા બાબતે સૂચના આપી દેવામાં આવી છે. આ ઉપરાંત કેવડિયા કોલોની ખાતે આવેલા નર્મદા ડેમ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ સાથે કેવડિયા તરફ જતા વાહનોનું પણ પોલીસ દ્વારા કડક ચકીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

વડોદરા શહેર-જિલ્લા પોલીસ તંત્ર દ્વારા શહેરમાં તેમજ હાઈવે ઉપર શંકાસ્પદ વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત હાઈવે અને શહેરની હોટલો, એસ.ટી. ડેપો જેવી ભીડવાળી જગ્યાઓ પર ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. રેલવે તંત્ર દ્વારા પણ વડોદરા સ્ટેશન ઉપરથી પસાર થતી ટ્રેનોમાં ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. આ સાથે સ્ટેશન ઉપર શંકાસ્પદ જણાતા મુસાફરોના સામાનનું પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

બીલીયા ખાતે તાલુકા કક્ષાની પશુપાલન શિબિર યોજાઇ



બીલીયા ગ્રામ પંચાયતના નવનિર્મિત મકાનનું આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરે લોકાર્પણ કર્યું

વલસાડ

પશુ ચિકિત્સા અધિકારી, પશુ દવાખાનું ઉમરગામ દ્વારા બીલીયા ખાતે યોજાયેલી તાલુકા કક્ષાની પશુપાલન શિબિરમાં વન અને આદિજાતિ મંત્રી રમણલાલ પાટકરે વિશેષ હાજરી આપી હતી. સાથે બીલીયા ગ્રામ પંચાયતના નવનિર્મિત મકાનનું પણ લોકાર્પણ કર્યું હતું. આ અવસરે બીલીયા ગામમાં થનાર વિવિધ વિકાસકાર્યોનાં ખાતમુહૂર્ત મંત્રીશ્રીએ કર્યા હતાં.

આ અવસરે તેમણે જણાવ્યું હતું કે, પશુને કોઇ પણ જાતનો રોગ થાય તો તેની સારવાર માટે પશુ ડોક્ટરની સાથે વિવિધ કેમ્પનું આયોજન કરવામાં આવે છે, ઉપરાંત પશુપાલકો માટે રાજય સરકારની વિવિધ યોજનાઓ અમલી છે, જેનો પશુપાલકોએ અચૂક લાભ લેવો જોઇએ. મંત્રીશ્રીએ મહિલાલક્ષી વિવિધ યોજનાઓની જાણકારી આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વિધવા પેન્શનમાં વધારો કરાયો છે. આશાવર્કરોને ફિલ્ડની કામગીરી દરમિયાન દર્દીઓને શોધવા અને તેને સારવાર અપાવવાના સેવાકીય કાર્ય માટે પણ સહાય આપવામાં આવે છે. સમાજ સાથે કામ કરતી આંગણવાડીને બહેનોને ડ્રેસ કોડવાળા કપડાં આપવામાં આવે છે. ગ્રામ પંચાયતનું નવું મકાન ગ્રામજનો માટે આશીર્વાદરૂપ નીવડે તેવી શુભકામના પાઠવી સરપંચ સહિત ગ્રામ પંચાયત સભ્યોને ગામના પ્રશ્નોના નિવારણ માટે સતત સક્રિય રહેવા જણાવ્યું હતું. તેમણે વીજ કંપની દ્વારા ૧લી માર્ચે ધોડીપાડાના સાંસ્કૃતિક હોલ ખાતે યોજાનાર માફી યોજનાનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે બીલીયા સરપંચ સરસ્વતીબેન, પશુપાલન અધિકારી, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

બીલીયા ખાતે કૃષિ સંમેલન યોજાયું



આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના બિલીયાના રાજુભાઈ ફાર્મ ખાતે કૃષિ સંમેલન યોજાયું હતું. આ અવસર વન અને આદિજાતિ રાજયમંત્રી રમણલાલ પાટકરે વિશેષ ઉપસ્થિત રહી ખેડૂતોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ખેડૂત એ જગતનો તાત છે, તેમના માટે સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. ખેડૂત સંઘ દ્વારા કરાતા સૂચનોને ધ્યાને રાખી સરકાર જરૂરિયાત મુજબની સહાય આપે છે. કૃષિ વૈજ્ઞાનિકો પાકની વૃદ્ધિ થાય તે માટે નીતનવા પ્રયોગો કરતા હોઈ ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી કરવા માટેની પ્રેરણા મળી છે. ગુજરાતમાં હરિયાળી ક્રાંતિનો યશ ખેડૂતોને આપતાં તેમણે જણાવ્યું હતું કે, મબલખ કૃષિ પાક મેળવવા તેમજ તેમાં થતા રોગો સામે રક્ષણ કેવી રીતે મેળવવું તેની જાણકારી મળે તે હેતુસર રાજુભાઈ ખેડૂત સંમેલનોનું આયોજન કરે છે, જે સરાહનીય છે. રાજુભાઈએ ખેતીવાડીમાં કરેલા સંશોધનોને તેમણે બિરદાવ્યા હતા. આંબાના પાકમાં વિવિધ સમયાંતરે કરવાની થતી કામગીરી વૈજ્ઞાનિકોના માર્ગદર્શન મુજબ કરવાથી કેરીનું મબલખ ઉત્પાદન મળે છે. પાણી અને વીજળીનો બચાવ કરવા માટે ટપક પધ્ધતિનો ઉપયોગ કરવા પણ તેમણે જણાવ્યું હતું. વાડી યોજના હેઠળ વાડી બનાવવા માટે ત્રણ વર્ષ સુધી સહાય આપવા ઉપરાંત ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે વિવિધ પાકોના ટેકાના ભાવો જાહેર કરાયા છે. ખેડૂત વીમા યોજના હેઠળ ૪ લાખ રૂપિયાનું વીમાકવચ મળે છે તેમ જણાવી પાક વીમા યોજના હેઠળ મળતા લાભો માટે ગ્રામ પંચાયતનો સંપર્ક સાધવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. ખેડૂત સમ્માનનિધિ હેઠળ રૂા.૬ હજાર રૂપિયાની સહાય આપવામાં આવી છે. જેનો પહેલો હપ્તો જમા થઈ ગયો છે, અન્ય બે હપ્તા ફટ્ટી માર્ચ સુધીમાં જમા થઈ જશે. જેનાથી ખેડૂતો તેનો ખાતર અને બીયારણ ખરીદી કરવામાં મદદરૂપ બનશે. માનધન યોજના હેઠળ પેન્શન યોજનાનો લાભ લેવા પણ તેમણે જણાવ્યું હતું.

આ અવસરે પ્રગતિશીલ ખેડૂત રાજુભાઈએ ખેડૂતના હિતમાં રાજ્ય સરકારે લીધેલા પગલાંઓ બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી. જિલ્લાના કોઇપણ ખેડૂતને માર્ગદર્શનની જરૂર હોય તો બીલીયા ફાર્મનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. આ અવસરે પરીયા ફાર્મના કૃષિ વૈજ્ઞાનિકો, બાગાયત વિભાગના અધિકારીઓ, ખેડૂતમિત્રો મોટી સંખ્યામાં હાજર રહી ખેતી પાકો બાબતે વિષદ પરામર્શ કર્યો હતો.

ઈન્ડિયન એરફોર્સના પાયલટ્સને સલામ કરુ છું: રાહુલ ગાંધી

પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર થયેલા ઘાતકી આતંકી હુમલાના ૧૨ દિવસ બાદ ભારતે પીઓકેમાં જૈશ-એ-મોહમ્મદના ઠેકાણાઓને નષ્ટ કરી દીધા છે. એરફોર્સ તરફથી મિરાઝ-૨૦૦૦ ફાઈટર પ્લેનમાંથી ૧૦૦૦ કિલોના બોમ્બ ફેંક્યા હતા. ભારતના વળતા હુમલા અંગે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને કહ્યું કે, હું ઈન્ડિયન એરફોર્સના પાયલટ્સને સલામ કરું છું.

અરવિંદ કેજરીવાલ:-

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એર સ્ટ્રાઈક અંગે ભારતીય વાયુ સેનાની બહાદુરીને સલામ કરી છે. આના પર દિલ્હી પ્રદેશ ભાજપના પ્રવક્તા તેજિન્દર પાલ બગ્ગાએ અરવિંદ કેજરીવાલને ટોણો મારતા તેમના ટ્વિટને રિટ્વિટ કરીને પૂછ્યું કે, પુરાવા જોઈએ છે?

જ્યોતિરાદિત્ય સિંધિયા

આતંકી ઠેકાણાઓ પર કરાયેલા જબરદસ્ત કાર્યવાહી કરવા માટે સૈનિકોઓનાં શૌર્ય અને સાહસને મારી સલામ. હું અને મારી પાર્ટી રાષ્ટ્રહિતમાં લેવાતા તમામ પગલાઓમા તમારી સાથે.

અખિલેશ યાદવ

અખિલેશ યાદવે ટ્વીટ કરીને કહ્યું કે, હું ભારતીય વાયુસેના અને આપણા શસસ્ત્રબળના જવાનોને સલામ કરૂ છું.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ સેના અને સરકારને પાઠવ્યા અભિનંદન

એરફોર્સની એર સ્ટ્રાઈક અંગે પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ વાયુ સેનાના જવાન અને ભારત સરકારને અભિનંદન પાઠવ્યા છે. અને જેવા સાથે તેવાની નીતિને બિરદાવી છે. કોંગ્રેસ આતંકવાદ મુદ્દે સૈન્ય અને સરકારના સમર્થનમાં હોવાનું જણાવ્યું છે. આ જવાબથી દેશવાસીઓનું મનોબળ વધુ મજબુત થયું હોવાનું જણાવ્યું છે.

મમતા બેનર્જી

આઈએએફ નો અર્થ જાંબાજ પાયલટ, જય હિન્દ

આ મોદીનું હિન્દુસ્તાન છે,ઘરમાં ઘૂસશે પણ અને મારશે પણ: ગજેન્દ્રસિંહ શેખાવત

ભાજપના રાજ્યમંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ટ્વીટ કર્યું - આ મોદીનું હિંદુસ્તાન છે, ઘરમાં ઘૂસશે પણ અને મારશે પણ, સીમા પર એરફોર્સે સવારે હવાઈ સ્ટ્રાઈક કરી અને આતંકી કેમ્પોને નષ્ટ કરી દીધા. એક એક ટીપા લોહીનો હિસાબ થશે. આ તો એક શરૂઆત છે... આ દેશને ઝૂકવા નહિ દઉ..'

પુલવામા બદલો: શહીદ જવાનનાં પરિવારજને કહ્યું, 'હવે શાંતિ થઈ'

ન્યુ દિલ્હી

પુલવામા આતંકી હુમલાનો બદલો લેતાં ૧૨ દિવસ બાદ જ ભારતીય વાયુસેનાએ ૨૬ ફેબ્રુઆરીનાં રોજ અંદાજે સવારનાં ૩ કલાકે પાકિસ્તાન અધિકૃત કશ્મીરમાં અનેક જગ્યાઓ પર એર સ્ટ્રાઇક કરેલ છે. આ હુમલાને વિશે અધિકારીક જાણકારી આપતા વિદેશ સચિવ વિજય ગોખલેએ આ પૂરા ઓપરેશનને નોન મિલિટ્રી પ્રી-એમ્પટિવ સ્ટ્રાઇકનું નામ આપેલ છે. આને કાઉન્ટર ટેરર અટેકનું પણ નામ આપવામાં આવેલ છે. વાયુસેનાનાં આ હુમલા બાદ શહીદોનાં પરિવારજન પણ ખુલીને પોતાની પ્રતિક્રિયા જાહેર કરી રહેલ છે. પુલવામા હુમલામાં શહીદ થયેલ મેજાનાં મહેશ કુમાર યાદવનાં પરિવારજનોએ કહ્યું કે, આજે અમે લોકો શાંતિ મહેસૂસ કરી રહ્યાં છીએ. પરિવારજનોનું કહેવું એમ છે કે ૧૧ બાદ જ સેનાનાં જવાનોએ પાકિસ્તાન સામે બદલો લીધો. આ સરાહનીય પગલું છે.

શહીદ મહેશની માંએ શાંતિ દેવીનું કહેવું એમ છે કે પૂરું પાકિસ્તાન ખતમ થવું જોઈએ. પિતાએ કહ્યું કે, મારા દીકરાનો બદલો દેશનાં જવાનોએ પાકિસ્તાન સામે લીધો છે. આજે મારી છાતી ગજગજ થઈને ભરાઈ ગયું છે. શહીદ મહેશની પત્નીનું કહેવું એમ છે કે, પાકિસ્તાન પર સતત આ જ રીતે હુમલો થતો રહે, જેનાંથી પાકિસ્તાન સંપૂર્ણ રીતે ખતમ થઈ જાય.

ત્યારે ભારતીય જનતા પાર્ટી સાંસદ વિનોદ સોનકરનાં નેતૃત્વમાં મંગળવારનાં રોજ સવારનાં ૧૧:૦૦ કલાકે સિવિલ લાઇન્સ સ્થિત હનુમાન મંદિરમાં સવા ક્વિંટલ લાડુ ચઢાવીને ભારત દ્વારા પાકિસ્તાન પર આક્રમણ કરીને ૨૦૦થી ૩૦૦ આતંકવાદીઓને મારવાનો જશ્ન ઉજવવામાં આવ્યો.

આનંદ મહિન્દ્રાએ ટ્વિટ કરી સેનાને સલામ કરી

વ્યાપારીઓએ કર્યું ભારતની એર સ્ટ્રાઈકનું સ્વાગત, કહ્યું દેશમાં દિવાળી જેવો માહોલ

ન્યુ દિલ્હી

પુલવામા આતંકી હુમલા બાદ ભારતીય વાયુસેનાએ એલઓસી પાર જઈને કડક કાર્યવાહી કરી છે જેનું વ્યાપારીઓએ સ્વાગત કર્યું છે. મિરાજ-૨૦૦૦ ના ૧૨ વિમાનોએ એલઓસી પાર જઈને આતંકી કેમ્પો પર એક હજાર કીલો બોમ્બ વરસાવ્યા. આનાથી ત્યાં સ્થિત તમામ આતંકી કેમ્પો નષ્ટ થઈ ગયા. વ્યાપારીઓ અને ટ્રેડર્સ એસોસિએશને વડાપ્રધાન મોદી અને એરફોર્સને સલામ કર્યા છે.

કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ એસોસિએશને એરફોર્સની એર સ્ટ્રાઈકનું સ્વાગત કર્યું છે. એસોસિએશનના જનરલ સેક્રેટરી પ્રવીણ ખંડેવાલે મીડિયાને કહ્યું કે એરસ્ટ્રાઈક વડાપ્રધાન મોદી અને એરફોર્સે પુલવામા એટેકનો પહેલો ડોઝ આતંકીઓને આપ્યો છે. દેશના ૭ કરોડ ટ્રેડર્સ એરફોર્સને સલામ કરે છે. એરફોર્સે આતંકીઓને યોગ્ય સબક શિખવાડ્યો છે. અત્યારે દેશમાં દિવાળી જોવે માહોલ છે અને આખો દેશ વડાપ્રધાન સાથે છે.

આ મામલે મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રાએ પણ ટ્વિટ કર્યું. આનંદ મહિન્દ્રાએ એક ટ્વિટને રિટ્વિટ કર્યું અને કહ્યું કે અને તેઓ સુરક્ષીત પાછા આવી ગયા અમે તેમની સુરક્ષાની માટે પ્રાર્થના કરીએ છીએ કે જેઓ આપણી રક્ષા કરી રહ્યા છે.

તંત્રી સ્થાનેથી...

મોદીના કડક પગલાઓ

નરેન્દ્ર મોદી સરકારે તેની અવધિ દરમિયાન એકપછી એક અનેક કઠોર પગલા લીધા છે. જેનાથી સાબિત થાય છે કે યોગ્ય દિશામાં યોગ્ય પગલા લેવામાં આવી રહ્યા છે. દેશની સુરક્ષા અને દેશની અર્થવ્યવસ્થાના હિતમાં જ્યારે પણ જરૂર દેખાઇ ત્યારે પગલા લેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૪માં સત્તા સંભાળી લીધા બાદ જ સતત પગલા લેવામાં આવ્યા છે. નોટબંધી, જીએસટી, ઉરી હુમલા બાદ સર્જિકલ સ્ટ્રાઇક અને હવે પુલવામા બાદ હવાઇ હુમલા પોકમાં કરીને સરકારે સાહસી સરકાર હોવાના પુરાવા આપ્યા છે. વર્ષ ૨૦૧૪માં જ્યારે આ સરકારે સત્તા સંભાળી લીધી હતી ત્યારે જનતાની આશા આસમાને હતી. ૩૦ વર્ષ બાદ કેન્દ્રમાં કોઇ પાર્ટીને એકલા હાથ પ્રચંડ બહુમતિ મળી હતી. આ મજબુત સરકાર પાસેથી કેટલાક મોટા ફેરફારની અપેક્ષા દેશના લોકો રાખી રહ્યા હતા. ખુદ મોદી અને તેમના સાથીઓ દ્વારા વચન પણ આપવામાં આવ્યા હતા. આજે એ વચનો પર સરકારને કસવામાં આવે તો જાણી શકાય છે કે ટીમ મોદીએ અપેક્ષા મુજબ અનેક સાહસિક પગલા ચોક્કસપણે લીધા છે. જેમાં નોટબંધી અને જીએસટીનો સમાવેશ થાય છે. ખાસ કરીને નોટબંધીના નિર્ણયનમી સાથે કેટલાક જોખમ રહેલા હતા. આના કારણે રાખવામાં આવેલી અપેક્ષાને લઇને કેટલાક જરૂરી આંકડા હજુ સુધી જારી કરવામાં આવ્યા નથી. પરંતુ એક બાબત તો ચોક્કસપણે માની શકાય છે કે આના કારણે દેશના લોકોનુ વલણ રોકડથી દુર ચોક્કસપણે થયુ છે. મોટા ન નહી નાના કારોબારીઓ પણ ડિજિટલ પેમેન્ટની દિશામાં આગળ વધી ગયા છે. ઓનલાઇન ટ્રાન્ઝિક્શનનો પણ વધી રહ્યો છે. આવી જ રીતે તમામ શરૂઆતી અડચણો બાદ જીએસટી વ્યવસ્થાએ દેશની અર્થવ્યસ્થાને બદલી નાંખી છે. ફેક્ટરીથી લઇને સામાન્ય ગ્રાહકો સુધી મોટા ભાગની લેવડદેવડ હવે ઓન રેકોર્ડ થાય છે. આ બંને ઉપાયના કારણે ટેક્સની જાળમાં આવનાર લોકોની સંખ્યામાં ચોક્કસપણે વધારો થયો છે. આમાં ભવિષ્યમાં વધુ વધારો થશે. રાજદ્વારી મોરચે પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સક્રિયતાના કારણે વિશ્વની સામે ભારતની એક મજબુત છાપ ઉભી થઇ છે. વડાપ્રધાને જે રીતે વિશ્વના દેશો સાથે આત્મીય અને અનૌપચારિક સંબંધ સ્થાપિત કર્યા છે તે પોતાનામાં એક નવી બાબત ચોક્કસપણે છે. આનો લાભ એ થયો છે કે દુનિયાભરમાં ફેલાયેલા ભારતીય સમુદાયના લોકોને ઓક ઓળખ મળી ગઇ છે. પરંતુ એક વચન મોદી સરકાર પાળી શકી નથી તે દર વર્ષે બે કરોડ લોકોને રોજગાની આપવા સાથે સંબંધિત છે. સરકારની વિચારધારા છે કે માત્ર નોકરીને જ રોજગાર તરીકે ગણવામાં ન આવે. પરંતુ આ એ વખતે શક્ય છે જ્યારે મોટી સંખ્યામાં લોકોને સ્વરોજગારના સાધન ઉપલબ્ધ કરાવવામાં આવે. સ્ટાર્ટ અપ યોજનના મારફતે આ દિશામાં એક પ્રયાસ ચોક્કસપણે થયા છે પરંતુ તેલહેર બે વર્ષ સુધી પણ ચાલી શકી નથી. સૌથી વધારે રોજગારી આપનાર રિયલ એસ્ટેટ સેક્ટરની હાલત કફોડી બનેલી છે. આ સદીમાં સૌથી વધારે નોકરી મધ્યમવર્ગીય ટેલિકોમ સેક્ટરમાં મળે છે.

ટીમ મોદીએ અપેક્ષા મુજબ અનેક સાહસી પગલા ચોક્કસ લીધા છે તેમાં બે મત નથી

લોકસભા ચૂંટણી : વિરોધ પક્ષો પાસે કોઇ લોકપ્રિય ચહેરો નથી...

મોદીની લોકપ્રિયતા લોકોમાં અકબંધ



ઝડપી અને સાહસી નિર્ણય શક્તિના કારણે મોદીની લોકપ્રિયતા સતત વધી રહી છે : વિપક્ષ સામે લીડરને લઇને ભારે દુવિધા રહી છે

લોકસભાની ચૂંટણીને લઇને તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. આગામી દિવસોમાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવનાર છે. આવી સ્થિતીમાં વિરોધ પક્ષો હજુ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કોઇ લોકપ્રિય નેતાની પસંદગી કરવાની સ્થિતીમાં નથી. બીજી બાજુ મોદી તેમની સાહસી છાપ અને ઝડપી નિર્ણય લેવાની શક્તિના કારણે લોકપ્રિયતા મેળવી રહ્યા છે. વિરોધ પક્ષો મોદીને દુર કરવા માટે એકમત થઇ રહ્યા છે પરંતુ તમામ પક્ષો તેમના વડાપ્રધાન પદના ઉમેદવારને લઇને કોઇ નિર્ણય પર પહોંચી શકવાની સ્થિતીમાં નથી. લોકસભા ચૂંટણી પહેલા એક થવાના પ્રયાસ કરી રહેલા વિરોધ પક્ષો સામે સૌથી મોટો પડકાર નરેન્દ્ર મોદી જેવા લોકપ્રિય ચહેરાની સામે યોગ્ય ઉમેદવારને લઇને રહેલી છે. આના માટે તેમની મથામણ જારી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને સત્તાથી દુર કરવા માટે હાલમાં વિરોધ પક્ષો સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યા છે. તમામ વિરોધ પક્ષો હાલમાં પ્રાથમિકતા તમામ વિરોધ પક્ષોને સાથે લાવવા માટેની છે. આમા સફળતા પણ મળી રહી છે. તેમની વચ્ચે હાલમાં આ બાબત પર સહમતી છે કે વડાપ્રધાનપદના ઉમેદવારને લઇને હાલમાં કોઇ નિર્ણય કરવામાં આવનાર નથી. તમામ લોકો જાણે છે કે આ અંગે વિપક્ષની સમસ્યા ખુબ ગંભીર છે. તેમની પાસે મોદી સામે મુકી શકાય તે પ્રકારનો કોઇ લોકપ્રિય ચહેરો નથી. ભાજપ વિરોધી મતને વિભાજિત થતા રોકવા માટે શુ કરવામાં આવે તે વિપક્ષની સામે સૌથી મોટો પડકાર છે. વડાપ્રધાન પદના ઉમેદવારને લઇને નામની જાહેરાત સમસ્યા સર્જી શકે છે. જુદા જુદા વિરોધ પક્ષોના નેતાઓ આ બાબતને સમજી રહ્યા છે કે હાલમાં પીએમ પદના ઉમેદવારને લઇને ચર્ચા ટાળવાથી જ તેમને ફાયદો થશે.બીજી બાજુ ભાજપ આ સ્થિતીનો લાભ લેવા માટે તૈયાર છે. તેમના માટે આ વાત કરવી સરળ રહેશે કે મોદીનો કોઇ વિકલ્પ વિરોધ પક્ષો પાસે નથી. ભાજપ વિરોધી પાર્ટી એવા કોઇ નેતાને શોધી શકી નથી જે મોદીની સામે ટક્કર લઇ શકે. જો કે વિપક્ષ તરફથી વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે કોઇની જાહેરાત કરવામાં આવી રહી નથી તે પહેલી પ્રથમ બની રહ્યુ નથી. ઇમરજન્સીના ગાળામા વર્ષ ૧૯૭૭માં દેશના સૌથી ઐતિહાસિક ચૂંટણીમાં પણ વિપક્ષે કોઇ ઉમેદવારને પીએમ તરીકે ઉતાર્યા ન હતા. ૯૦ના દશકમાં તો આવુ વારંવાર બન્યુ હતુ. વર્ષ ૨૦૦૪ની ચૂંટણી આ મામલે ઐતિહાસિક છે. ચૂંટણી પહેલા જે પાર્ટી વિદેશી મુળના મુદ્દાને લઇને સોનિયા ગાંધીનો વિરોધ કરી રહ્યા હતા તે પણ ચૂંટણી બાદ સોનિયા ગાંધીનો પીએમ માટે સમર્થન કરતા નજરે પડ્યા હતા. આ અલગ બાબત છે કે તમામનુ સમર્થન કરીને સોનિયા ગાંધએ એકાએક પીએમના હોદ્દા પરથી પીછેહટ કરીને મનમોહનસિંહને દેશના વડાપ્રધાન તરીકે બેસાડવા માટે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. ત્યારબાદ તમામ સાથી પક્ષોએ સમર્થન કરીને તૈયારી દર્શાવી હતી. સ્પષ્ટ છે કે તમામ લોકો આ બાબતને સારી રીતે સમજે છે. આજના દાવાનો કોઇ અર્થ નથી. કોને કેટલી સીટો મળે છે તે બાબત પર તમામ ચીજો આધારિત રહેશે. પીએમ પદના ઉમેદવાર જોર ન કરવાનો લાભ વિપક્ષી દળોને એ મળ શકે કે છે કે જુદા જુદા રાજ્યોના નેતા પોતાના સમર્થકોને વધારે સીટો આપીને પોતાને પીએમ પદ માટે રજૂ કરવા માટે દાવા કરી શકે છે.

આ અપીલ વિપક્ષની સીટો વધારી દેવામાં કામ કરી શકે છે. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટી નક્કર પણે માને છે કે ભાજપ ઉત્તરપ્રદેશમાં જેમ રીતે તેની સ્થિતી મજબુત ધરાવે છે તેના કારણે કોંગ્રેસની હાલત તો ખુબ ખરાબ છે. કોંગ્રેસની સીટોની સંખ્યા દેશભરમાં હવે કેટલી રહે છે તે બાબત પર તમામ વાતો આધારિત રહેશે. મોદીની લોકપ્રિયતા આજે પણ અકબંધ રહી છે. મોટા ભાગના રાજ્યોમાં રહેતા લોકો મોદીની કામગીરીથ સંતુષ્ટ દેખાઇ રહ્યા છે. તમામ લોકો નક્કરપણે માને છે કે છેલ્લા ચાર વર્ષના ગાળામાં પહેલાની તુલનામાં ખુબ વધારે કામ થઇ રહ્યુ છે. તેની અસર પણ દેખાવવા લાગી ગઇ છે. વિદેશમાં ભારતની ધાક વધી રહી છે. અવાજ બુલંદ થયો છે. મોદીની લોકપ્રિયતા વચ્ચે ભાજપ સ્થાનિક મોરચે જુદા જુદા રાજ્યોમાં સંગઠન મજબુત કરવા પર ધ્યાન આપી રહ્યુ છે. પશ્ચિમ બંગાળમાં પણ તેની સ્થિતી મજબુત થઇ છે.

દેશભરમાં આજે તમામ વિરોધ પક્ષોમાં મહત્વકાંક્ષી નેતાઓ રહેલા છે. જેમાં સમાજવાદી પાર્ટીમાં અખિલેશ યાદવ, બહુજન સમાજવાદી પાર્ટીમાં માયાવતી અને તૃણમુળ કોંગ્રેસમાં મમતા બેનર્જીનો સમાવેશ થાય છે. તેમની મહત્વકાંક્ષાના કારણે પીએમ પદના ઉમેદવાર જાહેર કરવામાં તકલીફ પડી રહી છે.

વિમાની સેવાનો ઉપયોગ કરનાર પ્રવાસીઓની સંખ્યા વધી છે...

સિક્કિમ જતા પ્રવાસીઓ વધ્યા



ગંગટોકથી આ વિમાનીથકનુ અંતર હવે ૩૩ કિલોમીટર છે : હાલમાં કોલકત્તા પહોંચ્યા બાદ સીધી રીતે સિક્કિમ પહોંચી શકાશે

સિક્કિમ રાજયમાં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. આ સંખ્યા હજુ પણ વધે તેવા સંકેત દેખાઇ રહ્યા છે. પ્રદેશમાં પ્રથમ એરપોર્ટ મળી ગયા બાદ હવે અહીં જતા લોકોની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થઇ રહ્યો છે. એરપોર્ટ શરૂ થયા બાદ ખુબસુરત રાજયમાં હોલિડે મનાવવા માટે જવાની બાબત સરળ બની ગઇ છે. પાક્યોગથી સિક્કિમના પાટનગર માત્ર ૩૩ કિલોમીટરના અંતરે સ્થિત છે. એક વખતે ગંગટોક પહોંચી ગયા બાદ સમગ્ર રાજયમાં કોઇ પણ જગ્યાએ ટ્રાવેલ કરવા માટે પહોંચી શકાય છે. સાથે સાથે બીજા અનેક પ્રકારના વિકલ્પ મળી જશે. ૧૩૦ કિલોમીટરના અંતરે પહેલા સૌથી નજીક એરપોર્ટ રહ્યા બાદ હવે અંતર ઘટી જતા લોકો સીધી રીતે ખુબસુરત રાજયમાં જશે. સિક્કિમમાં પહેલા એરપોર્ટ ન હોવાના કારણે હવાઇ માર્ગ મારફતે પહોંચવા માટે પહેલા બંગાળના બાગડોગરા એરપોર્ટ સુધી ફ્લાઇટ બુક કરવાની ફરજ પડતી હતી. આ એરપોર્ટ સૌથી નજીક છે. જો કે તેમની વચ્ચે અંતર ૧૩૦ કિલોમીટર સુધી રહેતા તકલીફ થતી હતી. જે ટ્રાવેલની દ્રષ્ટિએ કમ નથી. હવે પોક્યોગ એરપોર્ટ શરૂ કરવામાં આવ્યા બાદ આ તકલીફ ખતમ થઇ જશે. પાક્યોગ માટે સૌથી પહેલા સ્પાઇસ જેટ દ્વારા તેની ફ્લાઇટ સર્વિસ શરૂ કરવાની જાહેરાત કરી દીધી છે. જો કે હજુ પણ સિક્કિમના એકમાત્ર એરપોર્ટ પર પહોંચી જવા માટે પહેલા કોલકત્તા જવાની ફરજ પડશે. જ્યાંથી ફ્લાઇટ બુક કરાવી શકાશે. કોલકત્તા દેશના અન્ય ભાગોથી માર્ગ, રેલવે અને વિમાની નેટવર્ક સાથે જોડાયેલુ છે. જેથી અહીં પહોંચી જવામાં તો કોઇ તકલીફ થશે નહીં. જાણકારી મુજબ હાલના કાર્યક્રમ મુજબ કોલકત્તાથી ફ્લાઇટ સવારે ૯.૩૦ વાગે ઉપડશે અને ૧૦.૫૫ વાગે પહોંચી જશે. ત્યારબાદ ૧૧.૧૫ વાગે પાક્યોગથી ઉપડશે અને બપોરે ૧૨.૪૫ વાગે કોલકત્તામાં પહોંચશે. કોલકત્તાથી પાક્યોગ સુધી વિમાની ટિકટની કિંમત ૨૬૦૦ રૂપિયા રાખવામાં આવી છે. પાક્યોગને હવે આસામના પાટનગર ગુહાટી સાથે પણ જોડવામાં આવનાર છે. ભુટાનથી પાક્યોગ સુધી પણ વિમાની સેવા શરૂ કરાશે. આગામી દિવસોમાં અન્ય મોટા શહેરોથી પણ વિમાની સેવા શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. રાજ્યના પ્રથમ પાક્યોંગ વિમાનીમથકનુ ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યા બાદ પ્રવાસને વધારે વેગ મળનાર છે. આ એરપોર્ટ પાટનગર ગંગટોકથી આશરે ૩૩ કિલોમીટરના અંતરે સ્થિત છે. આ વિમાનીમથકની કેટલીક વિશેષતા રહેલી છે. આ એરપોર્ટ દરિયાઇ સપાટીથી ૪૫૦૦ ફુટની ઉંચાઇ પર સ્થિત છે. ૨૦૦૮માં આ એરપોર્ટને લીલીઝંડી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯માં તેની આધારશીલા મુકવામાં આવી હતી. ૨૦૬ એકર વિસ્તારમાં ફેલાયેલા આ એરપોર્ટ ને લઇને તમામ તૈયારી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી હતી. ગંગટોકથી આ વિમાનીથકનુ અંતર ૩૩ કિલોમીટરનુ રહ્યુ છે. આ વિમાનીમથક ભારત-ચીનની સરહદથી આશરે ૬૦ કલોમીટરના અંતરે સ્થિત છે. અહીંની માટીમાં એરપોર્ટની જરૂર મુજબ સુધારા કરવામાં આવ્યા છે.પાક્યોગ વિમાનીમથક દરિયાઇ સપાટીથી ૪૫૦૦ ફુટની ઉંચાઇ પર સ્થિત છે. જાણકાર લોકો કહે છે કે એરપોર્ટ પર તમામ કામ પ્રાથમિક રીતે શરૂ કરવામાં આવ્યા બાદ લોકોની ઉત્સુકતા વધી ગઇ છે. ઇન્ડિયન એરપોર્ટ ઓથોરિટીના અધિકારીના કહેવા મુજબ પાક્યોગ વિમાનીમથકના નિર્માણ પર ૬૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ એરપોર્ટ ભારત અને ચીન વચ્ચેની સરહદથી આશરે ૬૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ગંગટોકથી આ વિમાની મથક ૩૩ કિલોમીટરના અંતરે છે. મોદીના કહેવા મુજબ એરપોર્ટ શરૂ થયા બાદ મોટી સંખ્યામાં સ્થાનિક લોકોને રોજગારી મળશે. પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાથી હોટેલ, મોટેલ અને અન્ય તમામ નાના કારોબારીઓને જંગી આવક થશે. તેમને રોજગારીને વ્યાપક તક મળશે. સિક્કિમને પહેલાથી જ કુદરતી રીતે સૌથી ખુબસુરત શહેર તરીકે ગણવામાં આવે છે. અહીં વિમાનીમથક પહેલા પણ સ્થાનિકની સાથે સાથે વિદેશી પ્રવાસીઓ મોટી સંખ્યામાં પહોંચી રહ્યા હતા. જે સંખ્યા અનેક ગણી વધનાર છે.

અંડાશયના કેન્સરનો પણ ભય

તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે જે મહિલાઓ વિટ્રો ફર્ટીલાઇઝેશન કરાવી ચુકી છે. તે મહિલાઓમાં મોડેથી અંડાશયના કેંસરનો ખતરો બે ગુણો થઇ જાય છે. ૧૫ વર્ષ સુધી કરવામાં આવેલા અભ્યાસ બાદ તેના તારણો જારી કરવામાં આવ્યા છે. અભ્યાસના પરિણામ જરનલ હ્યુમન રિપ્રોડક્શનમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ અભ્યાસના તારણો ૧૯૧૪૬ બાળકો નહીં ધરાવતી મહિલાઓને આવરી લઇને જારી કરવામાં આવ્યા છે. આ મહિલાઓ આઇવીએફ પહેલા ઓવરી અથવા તો અંડાશયની સારવાર કરાવી ચુકી છે. જ્યારે આઇવીએફ નહીં ધરાવતી મહિલાઓને પણ આમા આવરી લેવામાં આવી હતી. અભ્યાસમાં જાણવા મળ્યુ કે વિટ્રો ફર્ટીલાઇઝેશન મારફતે પસાર થઇ ચુકેલી મહિલાઓમાં અંડાશયના ટ્યુમરનો ખતરો રહે છે. આ ઘણી વખત જીવલેણ બની શકે છે. આના કારણે સર્જરીની જરૂર પડે છે. આઇવીએફ ગ્રુપમાં ૬૧ મહિલાઓને ઓવરીના ટ્યુમરની અસર દેખાઇ રહી હતી. બ્રિટીશ જરનલ ઓફ કેંસરમાં અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૦ વર્ષ સુધી દવા લેનાર મહિલા ઓવરીના કેંસરના જોખમને ૫૦ ટકા સુધી ઘટાડી શકે છે.

લિંબુમાં વિટામીન સી ભરપુર

લિંબુ શરીર માટે અનેક રીતે ખુબ ઉપયોગી છે

અનેક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચૂક્યો છે કે લીંબુ ખૂબ જ ઉપયોગી છે અને તેના લાભ પણ ખૂબ જ જંગી છે. હવે એક નવા અભ્યાસમાં પણ આ બાબતને સમર્થન મળી ગયું છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે લીંબુમાં વિટામીન સીના પૂરતા પ્રમાણ રહેલા છે જે શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. લીંબુથી પાચન વ્યવસ્થામાં સુધારો થાય છે. સાથે સાથે પાચન શક્તિને સ્વસ્થ બનાવવામાં પણ લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લીબુમાં રોગપ્રતિકારક શક્તિનું પણ પ્રમાણ ખૂબ વધારે હોય છે જેથી ઇન્ફેક્શનની તકો પણ ઘટી જાય છે. લીંબુમાં એન્ટીબેક્ટેરીયલ અને એન્ટીવાયરલ તત્વો પણ રહેલા હોય છે જેના લીધે ફ્લુ અને શરદી ગરમી જેવી તકલીફથી પણ રાહત મેળવવામાં લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. લેમન જ્યુસ પીવાની સલાહ તબીબો દ્વારા અભ્યાસના ભાગરૂપે આપવામાં આવી છે. લોહીને સ્વસ્થ બનાવવામાં પણ તેની ભૂમિકા હોવાનો દાવો નવા અભ્યાસમાં કરવામાં આવ્યો છે. શરીરમાંથી ટોક્સીનના પ્રમાણને દૂર કરવામાં તેની ભૂમિકા રહેલી છે. લેમનનો ઉપયોગ આધુનિક સમયમાં કોસ્મેટીક ક્ષેત્રમાં પણ કરવામાં આવે છે. આનો ઉપયોગ એરોમાં થેરાપી માટે પણ થવા લાગ્યો છે. ફેશનેશનો અનુભવ થાય તે માટે જુદી જુદી સારવાર માટે પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે. હાથ અને પગમાં ઓછા પ્રમાણમાં લીબું સાથે સંબંધિત પાણીનો ઉપયોગ કરવામાં આવે તો તેના પણ ફાયદા રહેલા છે.

ફ્લુ અને શરદી ગરમીમાં પણ લિંબુ અસરકારક : રિપોર્ટ

ભાવિ પેઢીને સમૃદ્ધ જળ વારસો આપવા માટે જળ સંચય અભિયાન હાથ ધરાયું : ઈશ્વરભાઈ પરમાર

વ્યારા

ગત વર્ષે તા. ૧લી, મેથી ૩૧મી, મે દરમિયાન હાથ ધરવામાં આવેલા સુજલામ સુફલામ જળસંચય અભિયાન કાર્યક્રમમાં ગુજરાતમાં થયેલી સારી કામગીરીની નોંધ લઈ ભારત સરકારના જળસંસાધન મંત્રાલય દ્વારા શ્રેષ્ઠ કામગીરીનો દ્વિતીય કક્ષાનો એવોર્ડ આપવામાં આવ્યો છે. ગુજરાતે સમગ્ર દેશને દિશા ચીંધે એવી જળસંચય અને જળવ્યવસ્થાપન માટેની સીમાચિહ્નરૂપ કામગીરી કરી છે એમ રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે જણાવ્યું હતું.

તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે સુજલામ સુફલામ જળસંચય અભિયાનના શુભારંભ કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મંત્રી પરમારે જણાવ્યું હતું કે, આગામી પચાસ વર્ષસુધી ભાવિ પેઢીને પાણીની કોઈ તકલીફ ન પડે એ પ્રકારની જળસંચય અને જળવ્યવસ્થાપનની કામગીરી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવા માટેના આ મહાયજ્ઞમાં સમાજના તમામ વર્ગો જોડાય એવી અપેક્ષા પણ તેમણે વ્યક્ત કરી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, લોકોની જરૂરિયાત, લોકોની માંગણી અને લોકોની ભાગીદારીથી ગુજરાતે જળસંચયના ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી છે. એમ જણાવી તેમણે રાજ્યમાં ચાલુ વર્ષે સુજલામ સુફલામ જળસંચય અભિયાન દરમિયાન કરવામાં આવનારી કામગીરી અંગે વિગતે ચિતાર રજૂ કરી તાપી જિલ્લામાં રૂા. ૧૨૯૨.૪૦ લાખના ખર્ચે ૩૬૦ કામોનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી જે.બી.પટેલ, નાયબ વન સંરક્ષક આનંદકુમાર, પ્રાંત અધિકારી તુષારભાઈ જાની, ડોલવણ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હરિભાઈ ગામીત, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટીના સેનેટ મેમ્બર જયરામભાઈ ગામીત, અગ્રણી રાજેન્દ્રસિંહ કુંવર, ગામના સરપંચ વિજયભાઈ ચૌધરી, મામલતદાર જયોતિબા ગોહિલ, કાર્યપાલક ઈજનેર દેશમુખ, વેર-ટુ યોજના વિભાગનો સ્ટાફ, અન્ય અધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રૂપિયાની લેતીદેતીમાં તમંચો બતાવી ધમકી અપાઈ

સુરત

લીંબાયત ઓમનગર સાબરી મસ્જિદ પાસે પાર્સલના બાકી રૂા. ૧૦ હજારની માગણી કરવા બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી કડીયા કામ કરતા એક મજૂરને તમંચા જેવુ હથિયાર બતાવી. મારી નાંખવાની ધમકી આપી ૪ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના વતની અને હાલમાં લીંબાયત પ્રતાપનગર ગલી ખાતે રહેતા સાજીદ ઉર્ફે બબલુ જલાલુદ્દીન જાગીરદાર કડીયા કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. લીંબાયત મીઠીખાડી ત્રીસમલ વિસ્તારમાં રહેતા આરોપી ફારૂક પાર્સલ, સોહેબ ઉર્ફે સોહેબ સિટી, માયાભાઈ તથા ઉમર વિગેરેઓ સાજીદના ભાઈ જમીલ પાસે પાર્સલના બાકી રૂા. ૧૦ હજાર બાબતે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી કમ્મરમાં રાખેલ તમંચા જેવું હથિયાર બતાવી ડર બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. સાજીદ ઉર્ફે બબલુએ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ખંડણી તથા આર્મ્સ એકટનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામું પણ કર્યું હતું.

રૂા.૪.૬૪ કરોડના ખર્ચે સરોંડા-મરોલી રોડનું નવીનીકરણ કરી ૭ મીટર પહોળો બનાવાશે

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરોંડા-મરોલી સુધીનો પાંચ કિ.મીનો રસ્તો રૂા.૪૬૪ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવશે. આ કામગીરીનું ભૂમિપૂજન વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય સ્તરે માળખાકીય સુવિધાઓ મળી રહે તે પ્રકારનું સુદૃઢ આયોજન સરકારે કર્યું છે. જેના થકી ગામે-ગામ પાકા રસ્તા બનાવવામાં આવી રહયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રજાની સુખાકારી માટે ગામોમાં અનેકવિધ વિકાસકાર્યો થઈ રહયા છે, જેમાં ગ્રામજનોને સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. રસ્તો નવો બનવાથી ગામની સુવિધાઓમાં વધારો થશે અને આવન-જાવનમાં ખૂબ જ સરતા રહેશે.

સરીગામ-ફણસા રોડ નવીનીકરણ કામગીરીનું ભૂમિપૂજન કરતા આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકર



વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ-ફણસા રોડના નવીનીકરણ કામગીરીનું ભૂમિપૂજન વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં પુલવામાં શહીદ થયેલા જવાનોની સ્મૃતિમાં બે મીનીટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી હતી.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૧૩ કિ.મી. લંબાઈનો આ રસ્તો રૂા.૧૬.૭૫ કરોડના ખર્ચે બનાવવાનું આયોજન કરાયું છે. દરેક ગામની પ્રજાને રસ્તાની સુવિધા મળે તે માટે સરકાર નક્કર આયોજન કરી રહી છે. કોસ્ટલ હાઈવે સહિત વિવિધ રસ્તાઓના નવીનીકરણની કામગીરીનું આયોજન પણ કરાયું છે. બજેટમાં વાપી વિસ્તારમાં ચલા થી ચણોદ સુધીના ફલાય ઓવર બ્રીજની મંજૂરી આપવામાં આવતાં અહીંની ટ્રાફિક સમસ્યા હળવી થશે. જળ સંચય અભિયાન હેઠળ તળાવો ઊંડા કરવાની સાથે નવા તળાવો પણ બનાવવામાં આવશે, જેના થકી પાણીના તળ ઊંચા આવવાથી પાણીની સમસ્યાઓ પણ નિવારી શકાશે. ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા પણ તેમણે જણાવ્યું હતું. તેમણે તા.૧લી માર્ચે સાંસ્કૃતિક હોલ ધોડીપાડા ખાતે યોજાનાર વીજ બીલ માફી યોજનાનો લાભ લેવા સૌને અનુરોધ કર્યો હતો.

આ અવસરે અગ્રણી મુકેશભાઈ પટેલ, મહેશભાઈ ભટ્ટ, જિલ્લા-તાલુકા પંચાયત સભ્યો, ગ્રામજનો હાજર રહયા હતા.

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકુંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC
સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન ત્થા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➡ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➡ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
''કાશ્મીરી શાલ''
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની
ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
''છોટા કુબેર'' કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

THICKSHAKE -NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ
Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્ક: +91 9879217786

મઢીવાળા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશાનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદક:
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઇડ ૪ વર્ષની વોરંટી
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઇડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
Softone An Advance Audiology
Speech & Hearing Clinics Pvt. Ltd.
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરત: એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરત: મો. 75670 00800
અડાજણ: ચુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270


For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort SILVASSA
24 acres of sheer luxury
Treat Water Park
A mind-blowing leisure spot
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

ADMISSION OPEN
JYOTI CLASSIS
STD 5 TO 10 STD 11 TO 12 COMMERCE & SCIENCE
Add : INOX, ZADESHWAR, 9898383083-9228177852
SCIENCE SUB.
MATHS, (NIMIT SIR)
CHEMISTRY (PURAV TALAVIYA) EXP. 10 YRS.
BIOLOGY (RANA SIR) EXP. 30 YRS.
PHYSICS (K.P. SIR) EXP. 30 YRS.
COMMERCE
- ACCOUNT - ECO - B.A.
- STATE - ENGLISH



3000/-
Rebonding
Smoothing
& straightening
Niyati
BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

રોસાલીન લગાવો...ઘૂંટણનો દુખાવો ભગાવો
૧૯૨૫ થી આપની સેવામાં
ભાવસારનું આયુર્વેદિક
રોસાલીન®
લીનીમેન્ટ (માલિશ તેલ)
વા, વાયુથી થતા એડી, પીંડી, ઘુંટણ, ગરદન, કમર, છાતીમાં કળ મારવી, સોજો તથા શારીરિક તેમજ દરેક જાતના સાંધાનાં દુઃખાવા માટે ભાવસાર રોસાલીન (માલિશ) તેલ અત્યંત ઉપયોગી.


રોસાલીન રહે જ્હાં, દર્દ ના રહે વહાં...


માથાનો દુખાવો અને શરીરની કળતર માટે
ભાવસાર પેઈન બામ
ફ્રી 80ml પેક પર
દરેક મેડીકલ તથા આયુર્વેદિક સ્ટોર્સમાં ઉપલબ્ધ
ભાવસાર કેમિકલ્સ પ્રા. લિ. વ્યારા (તાપી), ગુજરાત.
Customer Care : 02626 220015 • visit us : www.bhawsarayurveda.com • email: bhawsarjv@yahoo.com

ઓપન ઈન્ટર્વ્યુ
HDFC બેંકમાં કાયમી જોબ SLI ડીપાર્ટમેન્ટ (માઈક્રો ફાઈનાન્સ)
HDFC BANK We understand your world
હોદ્દો (પદ) : સેલ્સ ઓફિસર
લાયકાત : ગ્રેજ્યુએટ ફરજીયાત પગાર : ૧૨૦૦૦/-
Bhanu Pratap: 09074709079 Daxesh Patel: 79909 88084 Harendra Singh: 78020 41188
127, ALFA SOCIETY, LINK ROAD, BHARUCH

શેલ ઈડલી Parcel Point C.R. Chambers, Shital Circle, Bharuch.
Time : Mon to Sat 8am to 2pm & 7pm to 9pm (Sunday 8am to 11am & 6pm to 9pm) Mo. 7977274892
Fruit Flavored Series @ Rs. 15/- Each

MANGO RASPBERRY PINEAPPLE LYCHEE BLACKCURRANT
Fun Series @ Rs. 15/- Each

TUTIFUTI CHOCOCHIPS ORANGE CHOCOCHIPS STRAWBERRY CHOCOCHIPS MIX FRUIT JAM
Healthy Series @ Rs. 15/- Each

PALAK CARROT TOMATO CUCUMBER BEETROOT

ભારતની સૌથી વિશ્વસનીય ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર બ્રાંડ


■ ઘરેથી ચાર્જ કરો ■ પેટ્રોલ નહિં, પ્રદુષણ નહિં
■ નો મેઈન્ટેનન્સ ■ સલામત ઝડપ, ચલાવવામાં સરળ
LITHIUM BATTERY ૩ વર્ષની વોરંટી
શ્રી શકિત ઓટો શ્રીજી કોમ્પ્લેક્ષ, હોટલ નર્મદા પાસે, ને.હા.નં.૮, ઝાડેશ્વર, ભરૂચ.
MO. 85111 54333 - 96012 63333

Podar Jumbo Kids
EYFS Early Years Foundation Stage British Curriculum
UK's Pre-School Curriculum

Playgroup, Nursery, Jr. KG, Sr. KG

Experiential Learning
Stress Buster Activities
Multi Sensory Spa
Kinaesthetic Learning

Left & Right Brain Co-ordination Activities
Aroma & Colours for Mental Alertness
3D Teaching Technology
Phonic based Language Program
Ankleshwar - Rajpipla Cross Road: 7201049000
Bharuch - Kasak: 7046231000, Zadeshwar: 7211181777

MS Touch Wood FURNITURE
ફકતને ફકત આધાર-કાર્ડ લાવો અને એકપણ રૂપિયો ચૂકવ્યા વગર ફર્નિચર વસાવો
0% ડાઉનપેમેન્ટ, વ્યાજ, ફાઈલચાર્જ, પ્રોસેસીંગ ચાર્જ BAJAJ FINSERV
ફેન્સી સોફા અને બેડરૂમ સેટની વિશાળ રેંજ
કન્યાદાન પેકેજ
બેડ (6X5) - કબાટ (3 ડોર)
ડ્રેસીંગ ટેબલ - ગાદલુ - ટીપોઈ
બે તકીયા - સોફાસેટ (3+2)
ડાઈનીંગ ટેબલ (૪ ચેર સાથે)
₹ 55,000/-
New Collection

એક જ ભાવ સૌથી સસ્તુ... સૌથી સારૂ... FIXED RATE
કન્યાદાન બેડરૂમ સેટ 24,999/-
સોફાસેટ કોર્નર 19,900/-
સોફાસેટ 3+2 સીટર 15,900/-
ડબલ બેડ 5X6 12,500/-
કબાટ 3 ડોર 12,500/-
કબાટ ૨ ડોર 9,900/-
ગણેશ બિલ્ડીંગ, પટેલ સુપર માર્કેટ, સ્ટેશન રોડ, ભરૂચ
મો.૯૮૨૪૩૮૪૫૩૮
*Condition Apply

પ્રત્યેક વર્ષ A1 ગ્રેડ હાંસલ કરતો ભરૂચ જીલ્લાનો એકમાત્ર કલાસ

દવે કોમર્સ કલાસીસ SINCE 2000
Ph. 249244 Mob. 98254 75507

શશીન દવે
M.Com. CMA (int)

Std. : 11th & 12th Comm. English & Gujarati Medium
Sub : Accounts, State., Eco, B.A., English

ઓરીઅન આર્કેડ, આઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ પાસે, ઝાડેશ્વર રોડ, ભરૂચ

ભરૂચમાં પ્રથમ ક્રમે-૨૦૧૮
PR 99.97(92.29%) A1
અંજલી ગંગાજલીયા
A/c : 100, Stat : 100
Eco : 91, BA : 97

ભરૂચમાં બીજા ક્રમે-૨૦૧૭
PR 99.98 (92.14%) A1
હિમાંશી પટેલ
A/c : 95, Stat : 100
Eco : 96, BA : 96

ભરૂચમાં ત્રીજા ક્રમે-૨૦૧૭
PR 99.95 (90.71%) A1
જીનાલી શાહ
A/c : 97, Stat : 100
Eco : 97, BA : 82

ભરૂચમાં બીજા ક્રમે-૨૦૧૬
PR 99.98 (91.84%) A1
કિના દલાલ
A/c : 99, Stat : 97
Eco : 95, BA : 97

ભરૂચમાં ત્રીજા ક્રમે-૨૦૧૫
PR 99.96 (90.57%) A1
શ્રુતિ શાહ
A/c : 91, Stat : 97
Eco : 98, BA : 99

ભરૂચમાં પ્રથમ ક્રમે-૨૦૧૪
PR 99.99 (92.14%) A1
Heeral Bhatt
A/c : 95, Stat : 97
Eco : 97, BA : 94

વિદ્યાર્થી તથા વાલીઓના આગ્રહને ધ્યાનમાં લઈ
દવે કોમર્સ કલાસીસની શાખા
એપ્રિલ ૨૦૧૯ થી
ઓરીઅન આર્કેડમાં આઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ પાસે,
ઝાડેશ્વર રોડ, ભરૂચ
પર શરૂ કરવામાં આવશે.

ધો-૧૨ કોમર્સ ગુજરાતી મીડીયમમાં એડમીશન ચાલુ છે.

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે



મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com

સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

ફેસ્ટીવલ સ્પેશ્યલ ઓફર

₹150/- માળા કોમ્બો ઈયરીંગ બ્રેસલેટ
લેડીઝ પર્સ 40% ડીસ્કાઉન્ટ
ફકત ₹100/- ગોલ્ડન + સીલ્વર ચેન
AD ડાયમંડના સેટ ₹ 100/- ₹ 150/- ₹ 200/-
વીંટી ફકત ₹100/-
૪ બંગડી ફકત ₹100/-
૨ પાટલા ફકત ₹100/-
બુટ્ટી ફકત ₹50/-
ઘડીયાળ ફકત ₹250/-
બચ્ચુ વીંટી ફકત ₹50/-

સુરત જવેલર્સ
C/O. સુરત ચશ્મા ઘરની અંદર, ઠાકોર રેસ્ટોરન્ટની સામે, મયુરી શો-રૂમની નીચે, સ્ટેશન રોડ, ભરૂચ.
નસીમ જુનાની
MO. 9574488814

Admissions Open
પ્રવેશ ચાલુ છે.
9727410761
Kids' World
11 Years Completed
Fees Worth Paying
A Play School
PLAY GROUP NURSERY LKG
Tuition Classes from Play Group to Std.5
Opp. Riddhi Siddhi Vinayak Temple, Lallubhai Chakla, Bharuch

જય અંબે યાત્રા સંઘ આયોજિત

કાશી સાથે નેપાળ રૂા.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ

રામેશ્વરમ રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેલ્લુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ

જગન્નાથપુરી રૂા.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર

સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા

આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી

દરેક જગ્યાએ બે વ્યકિત માટે રૂમ આપવામાં આવશે.

સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

PODAR WORLD SCHOOL




EYFS
Uk's Pre-School Curriculum
3D Teaching Technology
Innovative Learning with Tablets

- Motion based Gesture Controlled Learning
- Ranked #1 Pre-School
- Learning through AR / VR
- Gamification of Learning
- 92 Years of Experience
- International Student Debates through Video Conferencing
- CCTV Security Surveillance
- RFID with SMS Alert for Parents

ADMISSIONS OPEN
Playgroup to Class VIII
NATIONAL TOPPERS CBSE
Near Rajpipla Cross Road, Behind Varsha Hotel, NH-8
Ankleshwar - 7201048000

HRITVISHA EDUCATION
ABACUS 'D' MATHS ACADEMY
SUMMER CAMP
Batch Starts from 15th March



Transportation Facilities are available

PHONICS 3 yrs onwards
CHESS
ART N CRAFT
JR ABACUS 4 yrs onwards
ADVANCE ABACUS
HANDWRITING
ROBOTICS
SCIENCE CLUB 6 yrs onwards
CALLIGRAPHY

M : 96381 44069
44,45,46, Shree Rang Palace,
3rd Floor, Above Vatshalya Studio, Bharuch.

ગણદેવીકર જ્વેલર્સ દાંડીયાબજારમાં
લગ્નસરાની મોસમ આવી..
સુવર્ણ અલંકારોની વણઝાર લાવી !!



નવલા વર્ષે આપ સૌનું ઉષ્માભર્યું સ્વાગત...
લગ્ન પ્રસંગો માટે સ્પે. વેડિંગ કલેકશન
વૈવિધ્યપૂર્ણ લેટેસ્ટ ડિઝાઈન સાથે ગુણવત્તા અને વ્યાજબી ભાવ પણ!
જૂના દાગીના સામે સૌથી વધારે વળતર..
ચાંદીના આર્ટીકલનો અલાયદો વિશાળ શોરૂમ

વડોદરાનો લોકપ્રિય અને પરંપરાગત ભવ્ય શોરૂમ

916 BIS હોલમાર્ક ગોલ્ડ જ્વેલરીની વિશાળ રેન્જ
GOLD • SILVER • DIAMOND • PLATINUM

ALL DAYS OPEN
Gandevikar Jewellers
DANDIA BAZAR
ગ્રાહકો માટે કાર પાર્કિંગની સુવિધા.
પ્રતાપ રોડ (ગોલ્ડ શોરૂમ) P:: 0265-2437743, 2413676 | ગણપતિ મંદિરની બાજુમાં (સિલ્વર શોરૂમ) P:: 0265-2430999

ઠંડા ઠંડા કૂલ કૂલ
Wahooo!
વડોદરામાં વન ડે..
અમારા આંગણે ઉજવો હર્ષભર્યો અવસર "સ્વર્ણિમ ગુજરાત"
AJWA FUNWORLD & RESORT LTD.
આજવા વૉટરપાર્ક એન્ડ ફનવર્લ્ડ
AJWA - NIMETA ROAD, BARODA.
PH.0265-2434864 (M) 9824232382
સીટી ઓફિસ : ટાવર 'A', કુંજ પ્લાઝા, રાજમહેલ રોડ, વડોદરા.
તદ્દન નવી રાઈડ્સ સાથે ફાસ્ટફૂડની મજા
XTREME FUN
ફૂલ ડે.. પિકનીક ડે
પ્રકૃતિના સમીપે રહેવાની મજા
આજવા ગ્રીન રીસોર્ટ
AC/NON AC ROOMS

ઈતિહાસ ગવાહ છે, ૨૬ તારીખ આવે એટલે કંઈ ને કંઈ બને જ છે

ન્યુ દિલ્હી

આમ તો આંકડાઓમાં માનનારા ખૂબ ઓછા લોકો હોય છે, પણ જોગ સંજોગ આંકડાઓને કારણે જ આ દુનિયા ચાલે છે. આંકડાઓનું એવું રહસ્ય છે કે કોઈને કોઈ રીતે તે ભેગા થઈ જ જાય છે. યા તો તે કોઈ માટે તે નસીબવંતા સાબિત થાય અથવા તો ગોઝારા સાબિત થાય. આર્થિક, સામાજીક, રાજકીય કે કુદરતી રીતે આંકડાઓની માયાજાળ જ અવનવી છે. આજે ૨૬ તારીખનો આંકડો તપાસીએ. આમ તો ૨૬ તારીખ એટલે ભારતે પાકિસ્તાનના આતંકવાદીઓનો કરેલો સફાયો, પણ ના, આ તારીખે બીજુ પણ ઘણું બધું થયું છે. એક નજર કરી લો.

૧) ૨૬/૧/૨૦૦૧ ભૂકંપ

આ તારીખે ગુજરાતમાં ભૂકંપ થયો હતો. સમગ્ર ગુજરાતમાં ભૂકંપની અસર વર્તાય હતી પરંતુ કચ્છમાં તો હતું નહોતું કરી નાખ્યું હતું. ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસના દિવસે ગુજરાતની ધરા ધ્રૂજી ઉઠી અને ઘણા ઘરો વેરવિખેર થઈ ગયા. આ ઘટનાની રાજકીય અસર પણ સર્જાય હતી. કેશુભાઈ પટેલની સરકાર પડી ભાંગી હતી અને ગુજરાતમાં નરેન્દ્ર મોદીનો ઉદય થયો હતો. જે હાલ ભારતના પ્રધાનમંત્રી છે.

૨) ૨૬/૧૨/૨૦૦૪ સુનામી

૨૦૦૪માં ત્સુનામી આવી હતી. હિંદ મહાસાગરમાં ભૂકંપ આવતા અને પ્લેટો ખસેડાવાના કારણે ભૂકંપ થયો હતો. જેના કારણે એશિયાના ઘણા વિસ્તારોમાં જાનહાની સર્જાય હતી. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળની સ્થિતિનું સર્જન થયું હતું.

૩) ૨૬/૭/૨૦૦૫ મુંબઈ ફ્લડ

અરેબિયન સીનાં કાઠે આવેલા મુંબઈવાસીઓને આ વખતે કુદરતનો પ્રકોપ જોવાનો વારો આવ્યો હતો. જુન મહિનામાં ગુજરાતમાં તોફાનની સ્થિતિ આવી હતી જે પછી મુંબઈમાં ૨૬ તારીખે પુર તોફાન બની ઉમટ્યું હતું. જેના કારણે આર્થિક, સામાજીક રીતે આમ તમામ જાનહાની થઈ હતી.

૪) ૨૬/૫/૨૦૦૭ ગુવહાટી બ્લાસ્ટ

ગુવાહાટીમાં આજ દિવસે એક ભયંકર વિસ્ફોટ થયો હતો જેમાં ૭ લોકોને પોતાના જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો બીજી તરફ ૧૮ જેટલા લોકો ઘાયલ થયા હતા.

૫) ૨૬/૧૧/૨૦૦૮ મુંબઈ અટેક

જેણે તાજ હોટેલને ધ્રૂજાવ્યું તે મુંબઈ અટેકને કેવી રીતે ભૂલી શકાય. કસાબ જેવો આતંકવાદી ભારતમાં ઘુસી ગયો અને તાજ હોટેલને બાનમાં લીધું. જો કે બાદમાં આ મિશન પૂર્ણ પાર પાડવામાં આવ્યું અને કસાબને ફાંસી આપવામાં આવી. આમ છતા ભારતે ઘણું ભોગવવું પડ્યું હતું. પોલીસ ઓફિસરો શહીદ થયા હતા.

૬) ૨૬/૨/૨૦૧૯ એર અટેક ઈન પાકિસ્તાન

અને આજની તારીખે જ ભારતે પાકિસ્તાનની ધરા ધ્રૂજાવી દીધી. પુલવામાં હુમલાના બાર દિવસ બાદ ભારતે પાકિસ્તાનની ધરતીમાં ઘુસી ભારતીય શહીદોની શહાદતનો બદલો લીધો. મીરાજ -૨૦૦૦ ફાઈટર પ્લેનો પાકિસ્તાનના બાલાકોટમાં ઘુસ્યા અને પાકિસ્તાનને ભૂકંપનો આંચકો આપી દીધો. આમ કોઈને કોઈ રીતે ૨૬મી તારીખ ઈતિહાસ સર્જતી આવી છે.

મેરીનો®
ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
- મેરીનો લેમીનેટ સીટસ્
- 100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
- સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
- ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
- બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
- Ex-cel પી.વી.સી. સીટ
- ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ

જથ્થાબંધ ભાવે મળશે.
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
માત્ર રૂપિયા ૫૫૦/-માં
કનેક્ટ ઇન્ડિયન્સ (ISO 9001:2015 Certified)ની
લગ્ન, નોકરી અને જાહેરાતની
વેબસાઇટ વાપરો - અન્યને જોડી
હજારો કમાવાની તક ઝડપી લો.
નામ સરનામું વોટ્સએપ કરો અને વિગત મેળવો.
7575006847 | 7575006848 | 9377465170
www.connectindians.in
શરતોને આધીન

ઘુંટણ અને કમરનાં દુઃખાવાથી આજીવન મુક્તિ
ઓપરેશન અને દવા વગર
આધુનિક વૈજ્ઞાનિક લેસર સારવાર જે અમેરિકાના વૈજ્ઞાનિકોએ શોધી છે. હવે ભારતમાં સૌ પ્રથમ સ્પાઈનેક્સ ખાતે ઉપલબ્ધ
"સુપર ઇન્ડક્ટિવ સીસ્ટમ" દ્વારા સારવારમાં નિષ્ણાંત / ૨૩ વર્ષનો અનુભવ
ડો. નીરજ ભણશાળી
SPINEX
Let Your spine breathe
શ્રીમતી શારદાબેન ચોખાવાળા ફિઝીયોથેરાપી અને રીહેબીલીટેશન સેન્ટર
અંધજન શિક્ષણ મંડળ, ઘોડદોડ-રોડ, સુરત.
સ્પાઇન કેર ઇન્ટરનેશનલ
મેરૂલક્ષ્મી મંદિર પાસે, તાડવાડી, રાંદેર રોડ, સુરત.
ફોનઃ 8000200061,62,63,64
મો.98255 55664
પ્રોસેસિંગ ફી રૂ. ૫૦૦

TEXMO Aqua Group TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

KIRLOSKAR PUMPS
KDS+ Three Phase Monobloc Pumps UP TO 30 HP
SP Self Priming Non-Clog Pump UP TO 25 HP
READY STOCK
Authorised Dealer & Stockists :-
SM INDUSTRIAL STORES
Plot No. C-1-B/205, Road No. 2, GIDC, Sachin, Surat.
Ph. 2399652 /3/4/5 M. 9904002901 to 8
E-mail : info@smsuratonline.in, Web : www.smindia.in

JINDAL VISHWAS | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | LOTUS | Manaksia Limited | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
● પોલીકાર્બોનેટ ● PVC ● ગેલ્વેનાઈઝ ● એલ્યુમીનીયમ ● MS ● CRC પતરા તથા પ્લેટ
TATA SHAKTEE GC SHEET
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
● ગેલવેનાઈઝ ● એલ્યુમીનીયમ ● PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

સુખારામ ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓકસીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેકટ લેન્સ કલીનિક
ઘોડદોડ રોડ: ચુ/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા: એફ/૬-૭-૮-૯, ધરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ: જી/૨૬-ચુ/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
- સિમલા-મનાલી-ડેલહાઉસી-વૈષ્ણોદેવી
- નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
- દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-ચુમથાંગ
- દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
- સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
- આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા: કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ — દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ: હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, મોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ: પોખરા, બનારસ, મનોકામનાદેવી, સોનૌલી, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર — દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર: દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, કેલાલોંગી, અજુમાર, પાલ ચોકર, અમૃતસર — દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઈકેનાલ, મદુરાઈ, કન્યાકુમારી, પદ્મનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબલીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

सूरत शहर के लोहे के सबसे पुराने, प्रतिष्ठित व्यापारी
ESSAR 24 CARAT STEEL | BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट, एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट, पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार, ब्राइट बार, पाईप एवं लोहे की प्रत्येक आइटम के 45 वर्ष से विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना



બોલિવૂડ અભિનેત્રી સારા અલી ખાન હાલમાં જ મુબંઈમાં સાયકલ ચલાવતી જોવા મળી હતી.

હવે નિર્ણાયક પગલું લેવાનો સમય આવી ગયો છેઃ વિદ્યા બાલન

મુંબઈ

પુલવામામાં થયેલા આતંકી હુમલા પછી સમગ્ર દેશમાં તનાવનો માહોલ ચાલી રહ્યો છે અને ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ત્યારે બોલીવૂડમાં પણ પાકિસ્તાનની નાપાક હરકતથી રોષ ફેલાયો છે. એક તરફ બોલીવૂડ પાકિસ્તાની કલાકારો સાથે કામ કરવાથી દૂર જઈ રહ્યું છે ત્યારે બીજી તરફ ભારતે પાકિસ્તાનમાં રિલીઝ થઈ રહેલી તમામ ફિલ્મો પર પ્રતિબંધ લગાવી દિધો છે. ત્યારે આ મામલે રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા વિદ્યા બાલને પણ પોતાની પ્રતિક્રિયા આપી હતી. વિદ્યાએ પાકિસ્તાની કલાકારો સાથે કામ કરવા વિશે કહ્યું-×મને લાગે છે કે હવે નિર્ણાયક પગલું લેવાનો સમય છે. કળામાં સીમા નામની કોઈ વસ્તુ નથી, પરંતુ આ વખતે મને લાગે છે કે હવે બહું થઈ ગયું. વિદ્યા બાલન ઉપરાંત ઘણા સેલિબ્રિટીઓએ પાકિસ્તાની કલાકારો વિશે ભારત પર પ્રતિબંધ મૂકવાની તરફેણ કરી હતી. પુલવામા હુમલા બાદ પાકિસ્તાનમા ટોટલ ધમાલ, ગલી બોય, લુકા છુપી, નોટબુક અને કબીર સિંહ જેવી ફિલ્મોને રદ કરવામાં આવી હતી.




પાકિસ્તાની કલાકારોના પ્રતિબંધ મામલે અભિનેત્રીનું નિવેદન

અમિતાભ બચ્ચને 'ગલી બોય' માટે આલિયા અને સિદ્ધાંતને લેટર લખ્યો

મુંબઈ

ઝોયા અખ્તરની ફિલ્મ ગલી બોય ૧૦૦ કરોડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે. ફિલ્મમાં આલિયા ભટ્ટ, રણવીર સિંહ છે. આ ફિલ્મથી બોલિવૂડ ડેબ્યુ કરનાર સિદ્ધાંત ચતુર્વેદી જેને ફિલ્મમાં એમસી શેરનો રોલ ભજવ્યો છે, તેની ખુબ પ્રશંસા થઈ રહી છે. અમિતાભ બચ્ચન દરેક એક્ટરને એમના સારાં પર્ફોર્મન્સનાં વખાણ માટે પોતાના હાથથી લખેલો લેટર અને ફૂલ મોકલે છે. ફિલ્મમાં



કરેલી અદભુત એક્ટિંગ બદલ અમિતાભે આલિયા ભટ્ટ અને સિદ્ધાંતને લેટર લખ્યો, જેનો ફોટો આલિયા અને સિદ્ધાંતે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે.

સિદ્ધાંતે ફોટો શેર કરતાં લખ્યું હતું કે, આ પળને હું શબ્દોમાં વર્ણવી નહીં શકું. આ મારા માટે સૌભાગ્ય અને ગર્વની વાત છે. હું બસ તમારા ચરણ સ્પર્શ કરવાની કામના કરું છું. અમિતાભે લેટરમાં લખ્યું છે કે, કોઈપણ ફિલ્મમાં કેમેરા સામે સિમ્પલ રહેવું સૌથી અઘરું છે અને તું એકદમ એવો જ હતો. રણવીર સિંહ, અર્જુન કપૂર, સુનિલ શેટ્ટી અને શ્વેતા બચ્ચન સહિતના સેલેબ્સે સિદ્ધાંતની આ પોસ્ટ પર કમેન્ટ પણ કરી છે.

અભિનેતા આમીર ખાન બોડી બનાવવા માટે ન્યૂયોર્ક પહોંચ્યો

મુંબઈ

બોલિવૂડ અભિનેતા આમિર ખાન હાલ અમેરિકામાં છે. મિસ્ટર પરફેક્શનિસ્ટની ટેવ રહી છે કે તે ફિલ્મ્સમાંથી બ્રેક લીધા બાદ મોટા પાયે કમબેક કરે છે. પછી તે ગજની હોય કે દંગલ. કહેવાય છે કે, આમિર ખાન બોડી બનાવવા માટે અમેરિકા ગયો છે. એની સાથે જ તે પોતાને સંપૂર્ણ રીતે ટ્રાન્સફોર્મ પણ કરશે.

હાલમાં જ ફિટનેસ ટ્રેનર જૈફે આમિર ખાનનો એક વીડિયો યુ-ટ્યૂબ પર પોસ્ટ કર્યો છે. આ વીડિયોમાં આમિર ખાન તેની સાથે વાત કરતો નજરે પડી રહ્યો છે. આ



વીડિયોમાં આમિર ખાન જણાવે છે કે, તે અમેરિકા કોઇ કામ માટે આવ્યો છે. આવામાં તેણે વિચાર્યું કે જૈફ સાથે મુલાકાત કરી લઉં. આમિરે જણાવ્યું કે તે જૈફના ફિટનેસ વીડિયો બહુ જુએ છે. જૈફ સાથે વાતો કરવા ઉપરાંત આમિર ખાને તેની સાથે વર્ક આઉટ પણ કર્યું.

આમિર ખાન આજકાલ તેના ડ્રીમ પ્રોજેક્ટ 'મહાભારત' પર કામ કરી રહ્યો છે. જેના કામ માટે આમિર ખાન અમેરિકા ગયો છે. ઉલ્લેખનીય છે કે, ન્યૂયોર્કમાં આમિર ખાને રીષિ કપૂર સાથે પણ મુલાકાત કરી હતી.

શ્રીદેવીની ફેવરિટ સાડીની ઓનલાઈન નિલામી, બોલી રૂ. ૧૩૦,૦૦૦ પહોંચી

ચેન્નાઇના ઓનલાઈન મંચ પેરિસેરાએ આ નિલામી યોજી છે

નવીદિલ્હી

શ્રીદેવીની ફેવરિટ સાડીઓમાંથી એક એવી હાથવણાટની કોટા સાડી તેની પહેલી પુણ્યતિથિએ ઓનલાઈન નિલામી માટે મુકવામાં આવી છે. આ નિલામી પછી મળનારી રકમ સામાજિક સંસ્થાને દાનમાં આપી દેવામાં આવશે. ચેન્નાઈના ઓનલાઈન મંચ પેરિસેરાએ આપેલી માહિતી પ્રમાણે આ નિલામી પછી મળનારી રકમને ધર્માર્થ ટ્રસ્ટ કન્સર્ન ઈન્ડિયા ફાઉન્ડેશનને આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ફાઉન્ડેશન મહિલાઓ, બાળકો, દિવ્યાંગો, વંચિતો તેમજ વડીલો માટે શિક્ષા, સ્વાસ્થ્ય અને સામુદાયિક વિકાસના ક્ષેત્રમાં કામ કરે છે.

પેરિસેરા દ્વારા હાથ



ધરવામાં આવેલી નિલામીમાં થોડા દિવસ પહેલાં બોલી ૪૦ હજાર રૂપિયાથી શરૂ થઈ હતી અને હવે આ બોલી ૧૩૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. પેરિસેરાએ ૨૦ ફેબ્રુઆરીએ એક ટ્વિટ કરીને સાડી માટે બોલી શરૂ કરી હતી.

બોની કપૂરે દિવંગત પત્નીની ઈચ્છા પૂરી કરવા બીજું મહત્વનું પગલું લીધું છે. શ્રીદેવીની ઈચ્છા હતી કે સાઉથનો સુપરસ્ટાર અજિત તેના પતિ દ્વારા નિર્મિત ફિલ્મમાં કામ કરે. હવે બોની કપૂરે સાઉથની તેની પહેલી ફિલ્મમાં અજિતને સાઈન કરીને બોની કપૂરે દિવંગત પત્ની શ્રીદેવીની ઈચ્છા પૂરી કરવાનો પ્રયાસ કર્યો છે.

બોની કપૂરે માહિતી આપી હતી કે અજિત સાથે 'ઈંગ્લિશ વિંગ્લિશ'માં કામ કરતી વખતે શ્રીદેવીએ ઈચ્છા વ્યક્ત કરી હતી કે અજિત તેમના પ્રોડક્શનની તામિલ ફિલ્મમાં કામ કરે. અજિતે જ તામિલમાં 'પિંક'ની રિમેક બનાવવાનો વિકલ્પ આપ્યો હતો. આ ફિલ્મ ૧ મેના દિવસે રિલીઝ થશે.

મારે પ્રિયંકા જેવું થવું નથી : હું પ્રિયંકા જેટલી મહત્વાકાંક્ષી નથી : કરીના કપુર

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ કરીના કપૂર ખાન અને પ્રિયંકા ચોપડા જોનાસે હાલમાં કોફી વિથ કરણમાં એકસાથે હાજરી આપી હતી. આ એપિસોડમાં કરીના સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે તેને પ્રિયંકા જેવું નથી થવું કારણ કે તે પ્રિયંકા જેટલી મહત્વાકાંક્ષી નથી. કરીનાને પ્રિયંકાને દુનિયાની લોકપ્રિય સેલિબ્રિટીમાંથી એક ગણાવી. આ શોમાં તેમણે જીવનના અનેક પાસાઓ વિશે વાત કરી હતી.

એક નિવેદન પ્રમાણે શોના હોસ્ટ કરણ જોહરે જ્યારે કરીનાને સવાલ કર્યો કે શું તે પ્રિયંકાની જેમ હોલિવૂડ જવા ઈચ્છે છે તો તેણે ઈન્કાર કરી દીધો.



કરીનાએ કહ્યું કે હું ન જઈ શકું અને મેં આ હંમેશા કહ્યું છે. હું હંમેશા મારા મૂળ સાથે જોડાયેલી છું. મારો પરિવાર, મારો પ્રેમ અને ખાસ તો મારો દીકરો પણ અહીં જ છે.

કરીના અને પ્રિયંકાની જોડી ૨૦૦૪માં આવેલી ફિલ્મ એતરાઝમાં સાથે જોવા મળી હતી. આ ફિલ્મ પછી બંને વચ્ચે કેટફાઈટ શરૂ થઈ ગઈ હતી. ૨૦૧૦માં કરીનાએ કોફી વિથ કરણમાં પ્રિયંકા પર કમેન્ટ કરીને એના એક્સેન્ટની ટીકા કરી હતી. એ સમયે પ્રિયંકા અને શાહિદ ડેટિંગ કરી રહ્યા હતા. આ પછી પ્રિયંકાએ પણ કચકચતો વળતો જવાબ આપ્યો હતો. હવે આ બંને કોફી વિથ કરણમાં સાથે આવી રહ્યા છે. તેમનો આ એપિસોડ ફેબ્રુઆરીમાં ટેલિકાસ્ટ થવાનો છે.

શ્વેતા તિવારીની પુત્રી પલક હોટનેસમાં બધાને ટક્કર આપી રહી છે

મુંબઈ

સ્ટાર કિડ્સની લિસ્ટમાં શ્વેતા તિવારીની દીકરી પલક તિવારીનું નામ પણ શામિલ છે. જે બોલિવૂડમાં ડેબ્યુ કરતા પહેલા જ પોતાની બોલ્ડનેસને કારણે ચર્ચામાં છે. પલક તિવારી ગયા વર્ષે જ બોલિવૂડ ડેબ્યુ માટે તૈયાર હતી. પરંતુ શ્વેતા તિવારી ઈચ્છતી હતી કે પલક પહેલા તેનો અભ્યાસ પૂરો કરે. એટલું જ નહીં પરંતુ શ્વેતા તિવારીએ કહ્યું કે કસોટી જિંદગી કી ૨ સીરિયલમાં પ્રેરણાનો રોલ પલકને મળ્યો હતો. પરંતુ પલક ટીવીથી પોતાનો ડેબ્યુ કરવા નથી માંગતી. તેનું બધું જ ફોક્સ બોલિવૂડ ડેબ્યુ કરવાનું છે. ખબર એવી પણ આવી હતી કે દર્શિલ સફારી સાથે પલક બોલિવૂડ ડેબ્યુ કરી શકે છે. ધ્યાન આપવા જેવી બાબત છે કે બોલિવૂડ ડેબ્યુ પહેલા જ પલકની તસવીરો સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી રહી છે.

હાલમાં જ પલકે એક ફોટોશૂટ કરાવ્યું છે. જેને જોઈને લાગે છે કે પલક સુપરસ્ટાર બનવા માટે તૈયાર છે. બ્લેક ડ્રેસમાં પલકની તસવીરો સોશિયલ મીડિયા પર ખુબ જ ઝડપથી વાયરલ થઈ રહી છે. શ્વેતા તિવારી અને રાજા ચૌધરીની દીકરી છે પલક તિવારી. રાજા ચૌધરીથી અલગ થયા પછી શ્વેતા તિવારીને દીકરીની કસ્ટડી મળી હતી. પલક તેની માતા શ્વેતા તિવારીની હમશકલ છે. એક નજર તેના ફોટો પર પણ કરી જુઓ.બિગ બોસ સીઝન દરમિયાન રાજા ચૌધરીએ તેની દીકરી પલકના નામ પર ઘણા આસું કાઢ્યા હતા.

સોશિયલ મિડીયાથી શરૂ થયેલો સંવાદ જીવનમાં પવિત્ર પ્રેમનો અનેરો આનંદ લઈ આવ્યો

સોશિયલ મિડીયા માનવ જીવનનું અભિન્ન અંગ બની ગયુ છે ત્યારે અનેક લોકો સવારમાં ઉઠીને તરત જ મોબાઈલ ફોનમાં આવેલા મિત્રોના સંદેશ વાંચવાનું પસંદ કરી રહ્યા છે. અનેક લોકો સીમિત પરીવારના બદલે વિશ્વભરના લોકોને મિત્ર બનાવવાનું ઈચ્છી રહ્યા છે અને તેના માટે સોશિયલ મિડીયાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવો જ એક યુવક એટલે અનિલ. જે સોશિયલ મિડીયા દ્વારા અજાણ્યા લોકોનો સતત સંપર્ક કર્યા કરે છે અને નવા મિત્રો બનાવવા માટે સંવાદ કરવાની શરૂઆત કરે છે. અનિલ ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ, બ્લોગ, ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મિડીયાના માધ્યમોનો ઉપયોગ કરી રહ્યો છે. અનિલ પોતાના દૈનિક કામકાજ પુર્ણ કરીને સમય કાઢીને સોશિયલ મિડીયા પર સતત સક્રિય રહે છે અને સોસિયલ મિડીયા દ્વારા અનિલ ડોલી નામની મહિલાના સંપર્કમાં આવે છે. અનિલ જયારે ડોલી સાથે શરૂઆતમાં વાતચીત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે ડોલી દ્વારા કોઈ જવાબ આપવામાં આવતો નથી. પરંતુ અનિલ સંવાદ કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે અને થોડા દિવસો પછી ડોલી અનિલને પ્રથમ વખત સોશિયલ મિડીયાના માધ્યમથી જવાબ આપે છે. ડોલીનો સ્વભાવ જ એવો છે કે તો કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે વાતચીત કરવાનું પસંદ કરતી નથી અને ડોલી પોતાના રોજીંદા કામકાજમાં વ્યસ્ત રહેવાનું પસંદ કરે છે. ડોલી સોશિયલ મિડીયા કરતા પરીવારને વધુ સમય આપવાનું પસંદ કરે છે પરંતુ ડોલી સમય મળ્યે અનિલ સાથે વાતચીત કરવાનું પણ નથી ચુકતી. જ્યારે પણ ડોલીને સમય મળે ત્યારે તે અનિલ સાથે વાતચીત કરી લે છે. શરૂઆતના તબક્કે અનિલ અને ડોલી વચ્ચે દિવસમાં માત્ર એક વખત વાતચીત થાય છે અને તે પણ એકદમ ટુકી વાત થાય છે. પરંતુ થોડા દિવસોમાં જ અનિલ અને ડોલી સોશિયલ મિડીયા દ્વારા સતત સંપર્કમાં રહેવા લાગે છે અને અનિલને ડોલીનો પ્રેમાળ સ્વભાવ ખુબ ગમે છે તો ડોલીને પણ હવે અનિલ સાથે વાતચીત કરવાની ટેવ પડી રહી છે. ડોલી પોતાના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને અનિલ સાથે વાત કરી લે છે. સતત સંવાદ પછી અનિલને ડોલી પસંદ આવે છે અને તે ડોલીને એક તરફી પ્રેમ કરવા લાગે છે પરંતુ અનિલને ડર છે કે જો તે ડોલી સામે પ્રેમનો એકરાર કરશે તો કદાચ તેને ગમશે નહી એટલે તે પ્રેમનો એકરાર કરવાનું ટાળે છે. તો બીજી તરફ ડોલીને મિત્ર તરીકે અનિલ પસંદ છે પરંતુ પ્રેમનો તે વિચાર કરતી નથી. અનિલ આખો દિવસ ડોલીના વિચારોમાં જ ખોવાયેલ રહે છે અને ડોલી સાથે આખો દિવસ વાતચીત કરવાનો પ્રયત્ન કર્યા કરે છે. એક દિવસ અચાનક જ અનિલ ડોલીને કહે છે કે હવે આપણે અજાણ્યા રહ્યા નથી એટલે હવે હું આપને તમે ના બદલે તું કહી શકુ? ત્યારે ડોલીએ થોડો વિચાર કરીને જણાવ્યુ કે, તમે કે તું જે કહેવું હોય તે કહી શકે છે અને અનિલ હવે ડોલીને તમે ના બદલે તું કહેવાની શરૂઆત કરે છે. આવી રીતે અનિલ ડોલીને પોતાના તરફ આકર્ષિત કરવાની શરૂઆત કરે છે અને ડોલી પણ અનિલ



પર વિશ્વાસ કરવા લાગે છે ત્યારે અનિલ આ તકનો લાભ ઝડપી લે છે અને ડોલીને કહે છે કે તારો સ્વભાવ મને ખુબ



ગમે છે અને તું પણ ગમે છે. ડોલી માટે જવાબ આપવો થોડો મુશ્કેલ બની જાય છે અને તે થોડા સમય માટે મુંઝવણમાં મુકાઈ જાય છે કે શુ કરવું અને શુ પ્રતિઉત્તર આપવો. ડોલી અનિલને કહે છે કે આપણે એક સારા મિત્રો છીએ જ અને મિત્ર રહેવાના જ છીએ, પરંતુ પ્રેમ કરવો મારા માટે મુશ્કેલ છે કેમકે પ્રેમમાં સતત અપેક્ષાઓ રહે છે તે હું કદાચ પુરી નહી કરી શકૂ. ત્યારે અનિલ કહે છે કે આપણા પ્રેમમાં કોઈ અપેક્ષા નથી, આપણો પ્રેમ પવિત્ર છે અને પવિત્ર જ રહેશે. આખરે ડોલી અનિલના પ્રેમનો સ્વીકાર કરે છે. હવે ડોલીને પણ અનિલ સાથે વાતચીત કરવી ગમી રહી છે અને તે અનિલની સાથે તે પ્રેમાળ વ્યવહાર કરવા લાગી છે. અનિલ ની જેમ જ ડોલી પણ પ્રેમના વિચારોમાં ખોવાયેલી રહેવા લાગે છે. સોશિયલ મિડીયા પર સતત સંવાદથી અનિલ અને ડોલી પવિત્ર પ્રેમનો અનેરો આનંદ માણી રહ્યા છે. પ્રેમમાં પડ્યા છતાં પણ અનિલ અને ડોલી એકપણ વખત રૂબરૂ મળ્યા નથી. અનિલ ડોલીને મળવા માટે કહે છે અને બન્ને અનુકુળ સમયે મળવાનું નક્કી કરે છે. મળવાનું નક્કી થયા પછી અનિલ અમદાવાદ આવે છે ત્યારે ડોલી પણ હરખભેર મળવા માટે આવી જાય છે. ડોલી અનિલને જોઈને ખુબ જ ખુશ થઈ જાય છે અને પ્રેમથી ભેટી પડે છે. ડોલી એટલુ જ કહે છે કે અનિલ તું અજાણ્યા વ્યક્તિમાંથી ક્યારે મારો અનિલ બની ગયો તે ખબર ન પડી. અનિલ આજે તારા કારણે જ મારા જીવનમાં અનેક ખુશીઓ આવી છે અને હું તારા પ્રેમા સહારે જીવન જીવવાનો અનેરો આનંદ પણ માણી રહી છું. અનિલે કહ્યુ કે, હવે મારા વખાણ કરવાનું બંધ કર. ખરેખર તારા કારણે મારા જીવનમાં પણ અગણીત ખુશીઓ છવાઈ ગઈ છે અને આપણો પવિત્ર પ્રેમ કાયમ માટે અકબંધ રહેશે. અનિલ અને ડોલી કલાકો સુધી સાથે બેસીને પ્રેમની વાતચીત તથા પરીવારની વાતચીત કર્યા કરે છે. સાંજનો સમય થવા આવતા અનિલ કહે છે કે ડોલી સાંજ પડવા આવી છે એટલે તારે સમયસર ઘરે પહોચી જવુ જોઈએ ત્યારે ડોલી કહે છે કે આજે તને પહેલી વખત જોયો છે તો મન ભરીને નિહાળવા દે અને સમય ને કહી દે કે થોડો સમય રોકાઈ જાય. આ સાંભળીને અનિલ ખડખડાટ હસવા લાગે છે અને કહે છે ડોલી સમય ક્યારેય કોઈનાથી રોકાતો નથી ખુશી હોય કે ગમ સમય તેનુ કામ કર્યા કરે છે. આપણે ફરીથી મળીશુ અને સાથે બેસીને સંવાદ કરીશુ. અનિલ અને ડોલીની મુલાકાત પુર્ણ થાય છે અને બન્ને છુટા પડે છે. પ્રથમ મુલાકાતની યાદો લઈને બન્ને પોતાના ઘરે જાય છે અને રાત્રે પ્રેમના વિચારોમાં ઉંઘી પણ શકતા નથી. બીજા દિવસે વહેલી સવારમાં જ બન્ને ઉઠી જાય છે અને સોશિયલ મિડીયા દ્વારા વાત કરે છે. બન્ને પ્રેમીઓ એકબીજાને પ્રેમ કરવાની સાથે પોતાના પરીવારમાં માટે પુરતો સમય ફાળવી રહ્યા છે. અનિલ અને ડોલી એકબીજાને સતત મદદરૂપ પણ થઈ રહ્યા છે. જ્યારે ડોલી કોઈ મુશ્કેલીમાં હોય ત્યારે અનિલ તેને સાથે આપે છે અને અનિલ જ્યારે મુશ્કેલીમાં હોય ત્યારે ડોલી તેની સાથે નિસ્વાર્થ ભાવનાથી ઉભી રહે છે. સોશિયલ મિડીયાથી શરૂ થયેલો સંવાદ આજે ડોલી અને અનિલના જીવનમાં અનેરો આનંદ લઈને આવ્યો છે. અનિલ અને ડોલી એકબીજાથી અનેક કિલોમીટર દુર રહીને પણ નજીક આવી ગયા છે. સોશિયલ મિડીયા પર પોતાની હસી ખુશી ગમ વ્યક્ત કરી રહ્યા છે અને પ્રેમમાં ગળાડુબ થઈને પ્રેમ કરી રહ્યા છે. દેખાવમાં ખુબ જ આકર્ષક લાગતી ડોલી અને અનિલ નિસ્વાર્થ પ્રેમ કરીને જીવનનો સાચો આનંદ લુટી રહ્યા છે.
(સત્ય ઘટનાથી પ્રેરીત)

પાકમાં ઉપયોગ કરાતા જંતુનાશક શરીરના હાર્મોનને નુકસાન કરે છે

ઓર્ગેનિક ફુડમાં પૌષ્ટિક તત્વો વધુ છે

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે પાકમાં ઉપયોગ કરવામાં આવતા પેસ્ટીસાઈડ્સ શરીરના હાર્મોનના સંતુલનને બગાડી કાઢે છે અને નુકસાન પહોંચાડે છે. એટલુ જ નહીં આ જીન પર પણ પ્રતિકુળ અસર કરે છે. તેના પર નકારાત્મક અસર કરે છે. હાલના દિવસોમાં બજારમાં રહેલા મોટા ભાગના ફળ અને શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે શરીરને ખરુબ વધારે નુકસાન પહોંચાડે છે. આ બાબતની સામાન્ય લોકોને વહેલી તકે માહિતી મળતી નથી. શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે. કેટલીક વખથ સંબંધિત વિભાગના અધિકારીઓ દરોડા પાડીને આ સંબંધમાં માહિતી પણ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વિકલ્પ તરીકે ઓર્ગેનિક ફુડની પસંદગી કરી શકાય છે. હાલના દિવસોમાં વધતી જતી આરોગ્યની સમસ્યાના કારણે લોકો હવે ઓર્ગેનિક ફુડની તરફ આકર્ષિત થઈ રહ્યા છે. નિષ્ણાંતો પણ હવે તેને ડાયટમાં સામેલ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. કારણ કે તે પૂર્ણ રીતે કેમિકલ



ઓર્ગેનિક ફુડની પેદાશમાં કદ વધારી દેવા માટે કોઈ પણ પ્રકારના કેમિકલ્સનો પ્રયોગ કરવામાં આવતો નથી તે તમામ લોકો જાણે છે

ફ્રી છે. સાથે સાથે ફળ અને શાકભાજીના કુદરતી ટેસ્ટ પણ આપે છે. એટલે કે ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને મળે છે. ઓર્ગેનિક ફુડ શુ છે તે અંહે લોકોને વધારે માહિતી નથી. પરંતુ આ અંગે માહિતી સામાન્ય લોકો રાખે તે જરૂરી છે. ઓર્ગેનિક ફુડની વાત કરવામાં આવે તો તે રસપ્રદ છે. ઓર્ગેનિક ફુડની સૌથી મોટી બાબત એ છે કે આમાં પેદાશને વધારી દેવા અથવા તો પેદાશના કદને વધારી દેવા માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓર્ગેનિક ફુડ એ ફુડ હોય છે જે કેમિકલ ફ્રી હોય છે. તેમની પેદાશમાં કોઈ પણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં રાસાયણક ખાતર અથવા તો પેસ્ટીસાઈડનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેની પેદાશ અને કદને વધારી દેવા માટે બિનજરૂરિ પ્રયોગો કરવામાં આવતા નથી. આ શાકભાજી અને ફળોનુ ઉત્પાદન કરવા માટે જૈવિક ખેતી કરવામાં આવે છે. આને જૈવિક ખેતી તરીકે પણ લોકો ગણે છે. બજારમાં ઉપલબ્ધ મોટા ભાગના ફળ અને શાકભાજી દેખાવવામાં ફ્રેશ લાગે છે. પરંતુ તે જરૂરી નથી કે ઓર્ગેનિક જ હોય. ઓર્ગેનિક ફુડ સર્ટિફાઈડ હોય છે. અથવા તો તેમના પર સ્ટિકર લાગેલા હોય છે. જેમ કે સામાન્ય મશાલાની સરખામણીમાં તેમાં આંશિક રીતે ગંધ વધારે પ્રમાણમાં હોય છે. સૌથી જરૂરિ અને મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમાં જેરી તત્વો હોતા નથી. કારણ કે તેમાં કેમિકલ્સ , પેસ્ટીસાઈડ્સ, ડ્રગ્સ, પ્રિજર્વેટિવ જેવી નુકસાન પહોંચાડનાર ચીજોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના પેસ્ટીસાઈડ્સમાં ઓર્ગેનો-ફાસ્ફોરસ જેવા કેમિકલ હોય છે. જેમાં કેટલીક પ્રકારન બિમારીનો ખતરો રહેલો હોય છે. આ શરીર માટે ખુબ લાભદાયક છે. પારંપરિક ફુંડની તુલનામાં આ ફુડમાં ૧૦ ટકાથી લઈને ૫૦ ટકા સુધી વધારે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે. તેમાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમ, મિનરલ્સ, આયરનનો સમાવેશ થાય છે. તેમાં રહેલા પૌષક તત્વો હાર્ટને લગતી બિમારી, બ્લડ પ્રેશર, ડાયબિટીસ અને કેન્સર જેવી બિમારીથી રક્ષણ આપે છે. ઓર્ગેનિક ફર્મસમાં પેદાશ થનાર ફળ અને શાકભાજી વધારે એન્ટી ઓક્સીડન્ટ હોય છે. કારણ કે તેમાં પેસ્ટીસાઈડ્સ તો હોતા નથી. જેના કારણે તેમાં પૌષક તત્વો અકબંધ રહે છે. જે શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. એન્ટી ઓક્સીડેન્ટ વધાર હોવાથી શરીરને રોગોની સામે લડવાની તાકાત વધારે આપે છે. ઓર્ગેનિક ફુડમાં સામાન્ય રીતે પેદા કરવામાં આવતા પાકની તુલનામાં વધારે પૌષક તત્વો હોય છે. ઓર્ગેનિક ફુડ ચરબી વધતા પણ રોકે છે. ઓર્ગેનિક ફુડના મહત્વને હવે લોકો વધુ સમજી રહ્યા છે. કારણ કે શારરિક સમસ્યા હવે વધવા લાગી ગઈછે.

ડ્રેગનની આદત આગ ઓકવાની પણ તમે દુશ્મન દેશની ચીજવસ્તુઓની ખરીદી બંધ કરવા તૈયાર છો....?

કાશ્મીરના પુલવામા થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતના લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે અને સોશિયલ મીડિયા પર લોકોએ અનેક પ્રકારની ધડબડાટી બોલાવી છે ત્યારે સવાલ ઊઠે છે કે યુદ્ધ એ નાનીસૂની ના ખેલ નથી તેની પાછળ કેટલી ખાના-ખરાબી હોય તે આજનું યુવાધન કે રાજકીય તકવાદીઓ સમજી શકતા નથી ફરજીયાત કરવામાં આવે તો અને કોલેજ દરમિયાન ફરજિયાત મીલેટરી માં ફરજ બજાવવાનું કહેવામાં આવે તો અને આ બાબત દેશના તમામ લોકોને માટે ફરજિયાત કરી દેવામાં આવે તો બોલતી બંધ થઈ જાય એક યુદ્ધ પછી જવાનોના જે મૃત્યુ થાય છે તેમના પરિવાર માટે કેવી સ્થિતિ હોય કે કદી પણ વિચાર્યું છે....?ખેર... ભારત જેને પોતાનું મિત્ર માને છે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના વતન ગુજરાતમાં સાબરમતી નદીના કિનારે જે ચીનના રાષ્ટ્રપતિ ને પોતાની સાથે બેસાડીને હીચકા ખવડાવ્યા જેની સાથે મળીને પતંગ ઉડાવ્યા કે ચાઈનાએ કાશ્મીરના પૂર્વ ભારતના જવાનો ઉપર થયેલ હુમલો આતંકી હુમલો ના હતો તેમ કહી દીધું.....! આ ચાઈનાએ જૈશ એ મોહમ્મદના વડા મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કરવામાં રોડા નાખ્યા સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં ટીકા કરતો પ્રસ્તાવ એક અઠવાડિયા સુધી રોકાવી દીધો એટલું જ નહીં ચાઈના એ ઠરાવમાં જૈશ એ મોહમ્મદ આતંકી સંગઠનનુ નામ ન આવે તેવા પણ પ્રયત્નો કર્યા પરંતુ જયારે તેમની વાત માનવામાં ન આવી તો ઠરાવ પસાર થયા પછી ચાઈના એ કહ્યું કે પ્રસ્તાવમાં જૈશનુ નામ મામુલી વાત છે આ ઠરાવ કોઈ નિર્ણય નથી.....! આ ચીન એ જ છે કે જેને ચીની હિન્દી ભાઈ ભાઈ નો નારો આપીને ભારતની પીઠમાં છુરો મારીને ભારત ઉપર આક્રમણ કર્યું હતું ઈતિહાસમાંથી કોઈ પાઠ શીખવાને બદલે વડાપ્રધાને ચીનને ઢોકળા ખવડાવ્યા અને બદલામાં ચીને દગો કર્યો એક રીતે જોઈએ તો આતંક ઉપર ચાઈનાનો ડબલ ચહેરો દુનિયા સામે આવ્યો ભારતનું અત્યાર નું નેતૃત્વ ચીનને પોતાનું મિત્ર માની રહ્યું છે. એ સમયે જે ભૂલ નહેરૂજીએ કરી એજ ભૂલ મોદીએ કરી. તેઓ પણ ચીનને પોતાનો પરમ મિત્ર માની બેઠા અને જે દગો નેહરુની સાથે થયો એવો જ મોદીજી સાથે. ભારતે તેમની આગતાસ્વાગતા કરી હતી કેટલો મોટો વિશ્વાસ કર્યો હતો પરંતુ મોદીજીને ભરોસાનો કેવોબદલો મળ્યો.....? ચીને કહી દીધું કે પુલવામા આતંકી હુમલો થયો જ નથી અને મસૂદ અજહર કોઈ આતંકી નથી....! સમગ્ર વિશ્વ હવે ભારતને ગંભીરતાથી લે છે અને સમગ્ર દુનિયામાં ભારત અને પહેલી વાર સન્માન મળ્યું છે.... આવી વાતોની વચ્ચે હકીકત એ છે કે સંયુક્ત રાષ્ટ મંડળમાં ચીનનુજ ચાલેછે એક અઠવાડિયા પહેલા ચાઈનાએ ભારત પર થયેલા હુમલાનો નિંદા પ્રસ્તાવ રોકી રાખ્યો પરંતુ ભારતે શું કર્યું....?શુ ભારતે આની નિંદા કરી...? શું ભારતે ચીનને એ પૂછ્યું નહીં કે મસૂદ અજહર આતંકી નહી તો શું સમાજસેવી છે....? તેના આતંકીઓ ભારતના જવાનોની સેવા કરવા આવ્યા હતા શુ....?આ સવાલ ચીનના ભારતસ્થિત રાજદૂતને પૂછવો જોઈએ કે નહીં....?

ભારત પોતાની પાસે બેસાડીને ચીનને ભલે ગમે તેટલા હીચકા ખવડાવે સ્વાગત કરે સાચવે પરંતુ ડ્રેગન માંથી આગના ભડકા નીકળશે ચીન ભારતના દુશ્મન અને આતંકવાદને પાળવા પોષવા વાળો પાકિસ્તાનનો જ પાકો મિત્ર છે તેમાં કોઈ બે મત નથી ભારતની સાથે મીઠા સંબંધો ચાઈનાનો એક બનાવટી દેખાવ છે એક મહોરૂ પહેરીરાખ્યું છે ચીને ભારતને માટે. બની શકે છે કે ભારત અને મોદી આ જાણતા જ હશે અને હજી સુધી નથી જાણ્યું તો પૂસ્તાવ રોકવો મસૂદને સારો માણસ કહેવા પછી ભારત હવે પણ ચેતી જાય અને પાકિસ્તાનને પાઠ ભણાવ્યો એવો જ પાઠ તેના પરમ મિત્રને શીખવાડે તેની સાથે કારોબાર ઓછો, કરે ચાઈનીઝ વસ્તુઓનો ઉપયોગ લોકો ઓછીકરે એવુ અભિયાન સ્વદેશી જાગરણ મંચ શરૂ કરે ભારત સરકાર ચીનનોડર રાખ્યા વગર એક નિવેદન જાહેર કરે કે પુલવાના નિંદા પ્રસ્તાવ ને એક અઠવાડિયા સુધી સંયુક્ત રાષ્ટમા રોકી રાખવા માટેની આલોચના થવી જોઈએ. વડાપ્રધાન સ્તરેથી આવું ન થાય તો વિદેશ મંત્રાલય કે પછી વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ આની નિંદા કરે ગાધી આશ્રમનો એ હિચકો પણ ચીનના આ નિંદનીય વ્યવહારથી શરમાઈ રહ્યો હશે કે મે આ કેવા મિત્ર ને બેસાડ્યા કે જેમણે દોસ્ત ની છાતીમાં ખંજર ભોકી દીધું....? ગાંધી આશ્રમ પણ હે.... રામ....ની ગુજ થી દુ:ખ અનુભવી રહ્યો હશે.....!

ગરુડેશ્વરના ઉમમરવા જોષી, માથાવાળી ગ્રામપંચાયતને અલગ ગ્રામપંચાયતનો દરજ્જો આપવા રજૂઆત



ગરુડેશ્વર મામલતદાર, ટીડીઓ ને આવેદન પત્ર આપી ગ્રામપંચાયત અલગ કરવાની માંગ કરી

રાજપીપળા : ગરુડેશ્વરના ઉમમરવા જોષી, માથાવાળી ગ્રામપંચાયતને અલગ ગ્રામપંચાયતનો દરજ્જો આપવા રજૂઆત કરવામાં આવી છે જેમાં જણાવ્યા મુજબ આઝાદીના ૭૨ વર્ષ વીત્યા છતાં નર્મદા જિલ્લામાં કેટલીય એવી ગ્રામપંચાયતો છે તે વિકાસથી વાંછિત છે. જેની પાછળ જવાબદાર છે બે કે તેથી વધુ ગામો એકત્રિત કરી ગ્રુપ ગ્રામ પંચાયત બનાવાઈ છે. ભારતીય બંધારણ અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની જોગવાઈનું કેટલાય વર્ષોથી ઉલ્લંઘન થતું આવ્યું છે. જેને લઈને હવે આદિવાસી મૂલ નિવાસી સંઘ દ્વારા આંદોલનનું રણસીગુ ફૂંકી દેવામાં આવ્યું છે. હાલ ઉમરવા જોષી અને માથાવાળી, ચિનકુવા જેવા ગામો ડુંગર પરના ગામો છે, પરંતુ આ ગામો મોટાઆંબા ગ્રુપ ગ્રામપંચાયતમાં આવે છે એટલે મોટાઆંબા ગામ ૧૦ થી ૧૫ કિમિ દૂર આ ગામથી પડે છે અને આ ગામોની વસ્તી પણ ૨૫૦૦ થી ૩૦૦૦ કરતા પણ વધુ છે ત્યારે આ ગામોને સ્વતંત્ર ગ્રુપ ગ્રામ પંચાયતનો દરજ્જો મળે એ જરૂરી છે. માટે આ ગામોના આગેવાનોએ ગરુડેશ્વર તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારને આવેદન આપ્યું હતું. નર્મદા જિલ્લામાં આવા ૩૧૪ ગામો છે જે ગ્રુપ ગ્રામ પંચાયતો સાથે જોડાયેલા છે અને તમામ ગ્રામપંચાયતનો દરજ્જો માંગી રહ્યા છે. ત્યારે આ માંગોને લઈને જ જિલ્લા વિકાસ અધિકારીએ વિકાસ કમિશનર પાસે માર્ગદર્શન માગ્યું છે. હવે તમામ ગામો બંધારણના નિયમ પ્રમાણે એક ગામ એક પંચાયત જેવી માંગ કરી રહ્યા છે. આદિવાસી મૂલ નિવાસી સંઘ ગરુડેશ્વર તાલુકા વિકાસ અધિકારીને રાજ્ય સરકાર અને રાજ્યપાલને સંબોધી લેખિત આવેદન આપ્યું છે.

રાજપીપળાના હરસિદ્ધિ મંદિર સામે

પાર્કિંગની જગ્યામા ઉભા રહેતા લારી ગલ્લા હટાવવા રજુઆત



રાજપીપળા : રાજપીપળા ખાતે પૌરાણિક હરસિદ્ધિ માતાનું મંદિર આવેલુ છે,જ્યાં મોટી શંખ્યામા પ્રવાસી શ્રદ્ધાળુઓ આવતા હોય છે, ઉપરાંત નર્મદા જિલ્લામા સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ પ્રવાસીઓની સંખ્યા ખુબ વધી રહી છે જેના કારણે ટ્રાફિક સમસ્યા પણ વકરી છે ત્યારે આ મંદિર પરિસરની આસપાસના દુકાનદારો દ્વારા જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે જેમાં મંદિરની સામે ખુલ્લી જગ્યામા ઉભા રહેતા લારી ગલ્લા વાળાઓને ત્યાથી હટાવવા માંગ કરાઈ છે.

આવેદનમા જણાવવામા આવ્યું છે કે નર્મદા જિલ્લામા હાલ પુષ્કળ પ્રમાણમા પ્રવાસીઓ આવતા હોય છે તેમજ અતિ પૌરાણિક હરસિદ્ધિ માતાના મંદિરની પ્રવાસીઓ મુલાકાત લેછે અને મુખ્ય દ્વારની સામેજ ખુલ્લી જગ્યામા વાહનો પાર્ક કરે છે ત્યા આ લારી ગલ્લા વાળાઓ ઉભા રહેતા હોવાથી પાર્કિંગની સમસ્યા રહે છે ઉપરાંત મુખ્ય માર્ગ પસાર થતો હોવાથી ટ્રાફિક ની સમસ્યા પણ રહેતી હોય છે જેથી આ લારી ગલ્લા વાળાઓ ને વૈકલ્પિક સ્થાને ખસેડવા રજુઆત કરાઈ છે

આગાઉ રજુઆત કરવા છતા કોઈ નિરાકરણ ન આવ્યું હોવા ની પણ આવેદનમા વાત કરાઈ છે.

જાંબુઘોડાના અભ્યારણ્યમાં કેમિકલ ઠાલવવાના ગુન્હામાં સ્થાનિક પત્રકારની વન વિભાગ દ્વારા ધરપકડ



તારીખ ૧૪ ૧ ૧૯ના રોજ કેમિકલ ખાલી કરતી ટ્રક જાંબુઘોડા અભ્યારણ વિસ્તાર ના રેંજ ફોરેસ્ટ ઓફિસર દ્વારા પકડી પાડવામાં આવેલ હતી. જેમાં ૫ આરોપીઓ ની ધરપકડ કરાઈ હતી. આ સંકળાયેલા કુલ પાંચ આરોપીઓને તારીખ ૨૨ ૨ ૧૯ ના રોજ બોડેલી કોર્ટમાં રજૂ કરતા અદાલત દ્વારા છોટાઉદેપુર જેલમાં મોકલી આપવામાં આવેલ હતા સદરહુ આરોપીઓને બે દિવસના રિમાન્ડ લેવામાં આવતા તેમાં સ્થાનિક પત્રકાર નું નામ ખોલવામાં આવ્યું હતું

તારીખ ૨૫ના રોજ શિવરાજપુર રેન્જના આર.એફ.ઓ હરિસિંહ રાઉલજી ની ટીમ દ્વારા સદરહુ કેમિકલ ખાલી કરવામાં અગત્યનો ભાગ ભજવનાર જાંબુઘોડાના ના પત્રકાર કલ્પેશ મનહરલાલ પંચોલી રહે. જાંબુઘોડા ને તેઓની દુકાન પાસેથી તેઓની ફોર વહીલ કાર સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા ગાડી સહિત તેમની અટક કરી તેમને શિવરાજપુર રેન્જ કચેરીએ લઈ જવામાં આવેલ છે.

તે પોતાનું એક 'વનવાસી સંદેશ' નામનું સામાહિક બહાર પાડે છે.

સદરહુ આરોપીએ ઝેરી કેમિકલ અભ્યારણ વિસ્તારમાં ઠાલવવા માટે કેમિકલ ગાડીઓ માં લાવી અભિયારણ માં ઠાલવનાર શાહ આલમ નબી આલમ પઠાણ રહે.નવા યાર્ડ, વડોદરા સાથે રહી ટ્રક ને તેમની કાર દ્વારા પાઈલોટિંગ કરી ઠાલવવા ની જગ્યા બતાવતા હતા અને તે પેટે તેમને ૫૦૦૦ રૂપિયા મળવાના હતા એમ તેણે તેની કબૂલાત માં જણાવેલ છે.

તારીખ ૨૬ ૨ ૧૯ ના રોજ તેઓને બોડેલી કોર્ટમાં રજૂ કરવામાં આવનાર છે તેઓના જણાવ્યા અનુસાર તેઓ ની દુકાન ઉપર ભાડે રહેતા જયેશ પટેલ મૂળ રહેવાસી કપડવંજ , ધંધો કપાસના બિયારણના હોવાનું અને તે પણ કેમિકલ ખાલી કરાવવા મા સાથ સહકાર આપેલ હોવાનું જણાવેલ છે.

સરીગામ, કાલય અને દહેરી ગામે વનકુટિરનું લોકાર્પણ કરતા રાજ્ય વનમંત્રી રમણલાલ પાટકર



વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કાલય ગામે તળાવના કિનારે સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ખાસ અંગભૂત યોજના હેઠળ રૂા.૨.૪૦ લાખના ખર્ચે બનાવાયેલી વન કુટિરનું વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મંત્રીશ્રીએ સરીગામ રોટરી કલબ હોસ્પિટલ તેમજ દહેરી ગામે સાંઇ મંદિરના પ્રાંગણમાં બનાવાયેલી વન કુટિરનું પણ લોકાર્પણ કર્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ રસ્તા ઉપર કલગામ ખાતે આવેલા મંદિરે દર્શન માટે હજારો શ્રદ્ધાળુઓ આવે છે, આ ઉપરાંત બીજા પણ જોવાલાયક સ્થળો હોઇ પ્રવાસીઓની આવન-જાવન ચાલુ જ રહેતી હોઇ તેઓ સહિત ગ્રામજનો માટે આ વનકુટિર આશીર્વાદરૂપ બનશે. મંત્રીશ્રીએ વન કુટિરની આસપાસ ફુલછોડ અને બાગ બનાવવા અને વધુ વ્યક્તિઓ બેસી શકે તે માટે શેડ બનાવવા માટે સરકારમાંથી ગ્રાન્ટની ફાળવણી કરવા માટે દરખાસ્ત કરવા સરપંચને અનુરોધ કર્યો હતો. સરકાર દરેક ગામોમાં વિવિધ પ્રજાઉપયોગી કામગીરી કરે છે, સગવડતા આપે છે, તેની જાળવણી ગ્રામજનો કરે તે જરૂરી છે. વૃક્ષોની મહત્ત્વતા સમજાવતાં મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વૃક્ષો થકી આપણને ઓક્સિજન અને ચોખ્ખી હવા મળવાની સાથે તે જન્મથી લઇ મૃત્યુ સુધી આપણને અનેક પ્રસંગોમાં કામ લાગે છે, જે ધ્યાને રાખી ગામમાં વધુમાં વધુ વૃક્ષો વાવી તેની જાળવણી પણ કરવી જોઇએ.

વનસંરક્ષક ડો.ડી.કે.શર્માએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, કાલય ખાતે બનાવેલી વનકુટિર ખુબ જ રમણીય સ્થળ છે, જે અહીંથી પસાર થતા લોકોને બેસવા માટે ખૂબ જ ઉપયોગી નીવડશે. પર્યાવરણની જાળવણી માટે ગ્રામજનોને સહયોગ આપવા અનુરોધ કરી વન વિભાગની યોજનાઓનો લાભ લેવા અને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક એસ.વી.કેદારીયાએ સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી સામાજિક વનીકરણ વિભાગની કામગીરીનો ચિતાર આપ્યો હતો.

કાલયના સરપંચ પરસોત્તમભાઇએ પ્રાસંગિક ઉદબોધનમાં વન વિભાગ દ્વારા ગામમાં વનકુટિર બનાવવા બદલ આભારની લાગતી વ્યક્ત કરી હતી.

આ અવસરે વન વિભાગના દક્ષાબેન ભારઇ, વન વિભાગના કર્મીઓ, દહેરી ખાતે ગામના સરપંચ કલ્પનાબેન, સાંઇ મંદિર ટ્રસ્ટના નીતિનભાઇ સહિત ગ્રામજનો હાજર રહયા હતા.

ગુજરાતમાં પહેલીવાર મુસ્લિમ ટ્રસ્ટ ગૌશાળા બનાવશે

સુરત

દક્ષિણ ગુજરાતનું મુસ્લિમ ટ્રસ્ટ મધ્ય ગુજરાતમાં ગૌવંશની રક્ષા માટે ગૌશાળા સ્થાપશે. કોમી એકતા વધારવાના પ્રયાસરૂપે આ ગૌશાળા આકાર પામશે. આ ગૌશાળા વડોદરા પાસે આવેલા પાદરા નજીક બનાવવામાં આવશે. ગુજરાતમાં પહેલીવાર મુસ્લિમ ટ્રસ્ટ ગૌશાળા બનાવશે. હઝરત શાહ દાદા કયામુદ્દીન ચિશ્તી ટ્રસ્ટ દ્વારા આ ગૌશાળા બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ટ્રસ્ટ ઉદઘાટન ઓ.પી.કોહલી દ્વારા કરવામાં આવશે. આ પ્રંસગે ટ્રસ્ટ સાથે જોડાયેલા લોકો હાજરી આપશે.

આ પ્રંસગે મોરારિબાપુ, અહેમદ પટેલ, દ્વારકેશલાલજી મહારાજ, ડો.ગુણવંત શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત સુરત કોંગ્રેસના નેતા કદીર પિરઝાદા આ ટ્રસ્ટ સાથે જોડાયેલા છે.

સુરત સહિત ગુજરાતભરમાં હાઈએલર્ટ : ક્રાઈમ કોન્ફરન્સ રદ

સુરત

ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન ઉપર હુમલો કરી પુલવામાના આતંકી હુમલાનો બદલો લીધો હતો. જેને પગલે ગુજરાતભરમાં રેડ એલર્ટ જાહેર કરી દેવાયું છે. રાજ્યના ગૃહ વિભાગે ક્રાઈમ કોન્ફરન્સ પણ મુલતવી રાખી તમામ પોલીસ અધિકારીઓને પોતાના મુખ્ય મથકે પહોંચવા અંગે ત્વરિત આદેશો જારી કરી દેવાયા છે.

રાજ્ય સરકારની ગૃહ વિભાગના આદેશને પગલે સુરત પોલીસ તંત્રમાં હાઈ એલર્ટ થઈ ગયું છે. અને ઠેર-ઠેર ચાંબતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો છે. રાઉન્ડ ધી કલોક પેટ્રોલીંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. શહેરના પ્રવેશવાના તમામ માર્ગો પર સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તમામ પોલીસ મથકના અધિકારીઓને પોલીસ મથક વિસ્તારોમાં રેડ એલર્ટ રહેવા આદેશ આપવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૮નો એપેક્સ ઈન્ડિયા એનર્જી એફિશિયન્સિ ગોલ્ડ એવોર્ડ એનટીપીસી કવાસને એનાયત

સુરત

એપેક્સ ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા થર્મલ પાવર સેક્ટરની ગેસ આધારિત શ્રેણીમાં એપેક્સ ઈન્ડિયા એનર્જી એફિશિયન્સિ ૨૦૧૮ અંતર્ગત આપવામાં આવતા એપેક્સ ઈન્ડિયા એનર્જી એફિશિયન્સિ ગોલ્ડ એવોર્ડ ૨૦૧૮ એનટીપીસી કવાસ પરિયોજનાને મળ્યો છે. ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ નવી દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં કવાસ પરિયોજનાના મહાપ્રબંધક દેબાશીષ દાસે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

વરાછામાં મદદ આરોગ્ય નિરીક્ષક પર પાવડાના હાથાથી હુમલો કરાયો

હુમલો કરનાર સામે ફરિયાદ નોંધાવાઈ

સુરત

ઈસ્ટ ઝોન-એના વોર્ડ નં.૩૧ કરંજ-બીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારી શારદાબેન નાગજીભાઈ મારૂ ઉ.વ.આ. ૫૫, તા.૨૩-૨-૨૦૧૯ના રોજ જગદીશનગરથી ઘનશ્યામનગર શેરી નં.૨૧ના નાકે પોતાની જિલ્લા સફાઈની કામગીરી કરતા હતા તે દરમ્યાન અજાણ્યા ઈસમે જાહેરમાં કચરો તથા ગંદુ-મેલુ પાણી વહાવી ન્યુસન્સ કરતા શારદાબેને તેઓને ગંદકી ન કરવા જણાવતા આરોપી શારદાબેનને અપશબ્દો બોલી મારવા દોડેલ, જેથી કર્મચારી મજકૂર ડરી ગયેલ અને વોર્ડ ઓફિસના મદદનીશ આરોગ્ય નિરીક્ષક મનોજ સોનીને ટેલીફોન કરી બોલાવેલ. જેઓએ આરોપીને ફરજ પરના કર્મચારીને કામગીરીમાં હેરાન ન કરવા તથા ગંદકી ન તાકીદ કરેલ. જે અંગે આરોપી આવેશમાં આવી મદદનીશ આરોગ્ય નિરીક્ષક મનોજ સોનીની હાજરીમાં શારદાબેનને પાવડાનો હાથો લઈ મારવા દોડેલ. જેથી મનોજભાઈ સોનીએ આરોપીને રોકવાનો પ્રયત્ન કરતા આરોપીએ મનોજ સોનીને પાવડાનો હાથો મારી દીધેલ. જેમાં તેમને નજીવી ઈજા થતા તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં સારવાર કરાવવામાં આવેલ અને આરોપી ભાગી જતા સુરત મહાનગરપાલિકાના કર્મચારીને કામગીરીમાં અડચણ ઉપસ્થિત કરવા બદલ તથા જાહેરમાં ગંદકી ન્યુસન્સ કરવા બદલ તેઓની વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

પાક. ઉપર વાયુસેનાએ હુમલો કરતા સુરતવાસીઓમાં ઉત્સાહ : ઠેર-ઠેર ફટાકડા ફોડયા



સુરત

વહેલી સવારે ભારતીય વાયુસેના દ્વારા પીઓકે ખાતે મીરાજ દ્વારા લેજર ગાઈડેડ બોમ્બ બોર્ડિંગની કાર્યવાહી કરતા સમગ્ર દેશવાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. પુલવામાં હુમલાનો બદલો જોવા સવારથી જ લોકો ટીવી સામે ગોઠવાયા હતા.

ગત ૧૪મી ફેબ્રુઆરીના રોજ જમ્મુ કાશ્મીરના પુલવામાં ખાતે સીઆરપીએફનો બસ ઉપર આત્મઘાતી હુમલો જૈશ-એ મોહંમદ દ્વારા કરવામાં આવતા ૪૪ સૈનિકો શહીદ થયા હતા. આ દુ:ખદ ઘટના બાદ સમગ્ર દેશમાં ડૂબી ગયો હતો. ભારતવાસીઓ શહીદોના બલીદાનનો બદલો લેવા માટે સમગ્ર દેશમાં રેલી કેન્ડલ માર્ચ અને શ્રદ્ધાંજલિ યોજી હતી. પુલવામાં ઘટનાના ૧૩ દિવસ બાદ આજે મળસ્કે પોણાચાર વાગ્યાના સુમારે ભારતીય વાયુસેના પીઓકેમાં આવેલ આતંકીઓના લોન્ચપેડ પર મીરાજ હેલીકોપ્ટર દ્વારા બોમ્બ બોર્ડિંગ કરી આશરે ૨૦૦થી ૩૦૦ આતંકીઓનો સફાયો કર્યો હતો. આ સમાચાર મળતાની સાથે જ વહેલી સવારથી શહેરવાસીઓ ટી.વી. સેટ્સ સામે ગોઠવાઈ ગયા હતા. ભારતીય વાયુસેનાની બહાદુરીને બીરદાવવા સાથે સોશિયલ મીડિયામાં મેસેજ શરૂ કર્યા હતા.

પુલવામાં હુમલાનો બદલો લેનાર પાયલોટોને અભિનંદન આપવામાં આવ્યા હતા. સોશિયલ સર્કલ ફલાયઓવર બ્રિજ નીચે યુવકો દ્વારા રાષ્ટ્રધ્વજ લહેરાવીને ફટાકડા ફોડી આતશબાજી કરી હતી. આ તબક્કો સોશિયલ સર્કલ ઉપર ટ્રાફિક જામ થતા લોકોના ટોળા દ્વારા પણ ભારત માતા કી જયના નારા લગાવીને ઉત્સાહ બેવડાવવામાં આવ્યો હતો.

જાન દેગે જમીન નહિ, કેવડિયા રેલ્વે લાઈનનું જમીન સંપાદન રદ કરોઃ ગુજરાત ખેડૂત સમાજની માંગ





ચાણોદ-કેવડિયા રેલ્વે માટે જમીન સંપાદન રદ કરવા ગરૂડેશ્વર અને તિલકવાડા ખેડૂત સમાજે વિરોધ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું.

રાજપીપળા :નર્મદા જિલ્લાના કેવડીયામાં પીએમ મોદીએ ૩૧મી ઓક્ટોબરે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યું હતું.એ બાદ રેલ માર્ગે પણ પ્રવાસીઓ આવી શકે એ માટે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કેવડીયામાં રેલ્વે સ્ટેશનનું ભૂમિપૂજન પણ કર્યું હતું.હવે આ રેલ્વે માટે સરકાર દ્વારા જે જમીન સંપાદિત કરાઈ છે એનો વિરોધ નોંધાવી જમીન સંપાદન રદ કરવાની માંગ સાથે મોટી સંખ્યામાં ખેડૂત નર્મદા જિલ્લા કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા.×જાન દેગે જમીન નહીં,કિસાન એકતા ઝીંદાબાદ,કેવડિયા રેલ્વે લાઈન માટેનું જમીન સંપાદન રદ કરો× ના ખેડૂતોના નારાથી કલેકટર કચેરી ગુંજી ઉઠી હતી.

ગુજરાત ખેડૂત સમાજના ગરૂડેશ્વર અને તિલકવાડાના ખેડૂતોએ નર્મદા લિલા કલેકટરને આવેદનપત્ર પણ આપ્યું હતું,જેમાં જણાવ્યું હતું કે ચાણોદ થી કેવડિયા રેલ્વે લાઈનની કામગીરી ૨૦૧૩ના જમીન સંપાદનના કાયદાનો સંપૂર્ણ ઉલ્લંઘન કરી કાયદા વિરુદ્ધ કામગીરી ચાલી રહી છે.નામદાર હાઈકોર્ટે જમીન સંપાદનના કાયદાની એવી સમજણ આપી છે કે વર્ષ ૨૦૧૯ની જંત્રી મુજબ ૪ ગણા રૂપિયા ચૂકવવા.જમીનના વેચાણ દસ્તાવેજ અને સંપાદિત જમીનથી ૧૦ કિમિ જમીનની વેચાણ કિંમત તથા નિષ્ણાત જમીનના વેલ્યુઅરની નિમણુંક કરી જમીનની કિંમત નક્કી કરવી.અસરગ્રસ્ત વિસ્તાર અને લોકો ઉપર ઉભી થનાર સામાજિક અસરોનું મુલ્યાંક કરી વળતરની ચુકવણી કરવી.

અમારા ખેતરમાં આવવા જવાના રસ્તાની,વરસાદી પાણીના નિકાલની તથા કુવા,બોર વિજજોડાણની કોઈ વ્યવસ્થા નથી.આ રેલ્વે લાઈન બનવાથી અમારી જમીન બે ભાગમાં વેહેચાઈ જશે જેથી અમે ખેતી પણ કરી શકીએ નહિ.જેથી અમે અમારી જમીન સંપાદિત કરવાના પક્ષમાં નથી પણ ધાક ધમકીથી નજીવી કિંમતે અમારી જમીન પડાવી લેવામાં આવશે એનો અમને પૂરેપૂરો ભય છે.કેવડિયા રેલ્વે લાઈન લઈ જવાના બીજા પણ ઘણા વિકલ્પો છે અને એમા જમીન પણ સંપાદિત થઈ ગઈ છે.તો અગાઉ નક્કી કરેલ વિસ્તારમાંથી જ રેલ્વે લાઈન જાય અને કાયદા વિરુદ્ધની કામગીરી બંધ થાય એવી અમારી માંગ છે.

નર્મદા બંધ અને સ્ટેચ્યુની ફરી સુરક્ષા વધારાઈ : SRP, નર્મદા પોલીસ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયુ

આતંકી હુમલાને પગલે આઈ બી ના ઈનપુટ બાદ સુરક્ષા વધારી દેવાઈ હતી હાલ પણ સુરક્ષા જવાનો તૈનાત,પરંતુ એલર્ટ કરી દેવાયા છે



રાજપીપળા : જમ્મુ કાશમીરના પુલવામાં આતંકી હુમલા બાદ ૧૨ માં દિવસે ભારત હરકતમાં આવ્યું અને ૧૨ જેટલા મિરાજ લડાકુ વિમાન દ્વારા POK માં જઈ હુમલો કર્યો જેથી આતંકી સંગઠન આવા પ્રવાસન સ્થળોને નિશાન ના બનાવે એ માટે ચેતક કમાન્ડોની ટીમ તૈનાત કરવામાં આવી છે. સાથે નર્મદા બટાલિયન SRP ૧૮ ખડે પગે ચેકીગ કરી રહ્યા છે અને ગોંડલ SRP પણ તૈનાત કરી અભેદ સુરક્ષા ગોઠવી દેવામાં આવી છે.

નર્મદા ડેમ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી મહત્વના પોઈન્ટ હોય નર્મદા પોલીસ અને SRP નર્મદા બટાલીયનનાં ૧૦૦૦ જેટલા પોલીસ જવાનો સુરક્ષા કરી રહ્યા છે વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ સુરક્ષા સઘન કરાઈ છે. ત્યારે આ સમગ્ર પ્રિમાઈસીસમાં SRP સહિત ખાનગી સિક્યોરીટી પણ એલર્ટ પર છે. ગુજરાત પોલીસના ૪૦૦ થી વધુ જવાનો SRP ની ૯ કંપનીની સુરક્ષા ઉભી કરાઈ છે, જેમાં પણ વધારો કરી ચેતક કમાન્ડો પણ હવે ડેમ અને સ્ટેચ્યુની સુરક્ષા માટે મુકવામાં આવ્યા છે. આમ નર્મદા બંધ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સુરક્ષા કવચ વચ્ચે ઘેરાયેલા છે.

બે વર્ષથી ધક્કા ખાતી મહિલાએ પોલીસ સ્ટેશન સામે ઝેર ગટગટાવ્યું

સુરત

સુરતના અમરોલી વિસ્તારની મહિલાએ પોલીસ મથકની બહાર જ ઝેર ગટગટાવી લેતાં ચકચાર મચી ગઈ હતી. પરિચિત યુવાને પ્રેમજાળમાં ફસાવી તેણીનું એટીએમ અને દાગીના પડાવી લીધા હતા. જે મામલે બે માસ અગાઉ અમરોલી પોલીસમાં કરાયેલી અરજીની યોગ્ય કાર્યવાહી કરવાને બદલે પોલીસ પીડિત મહિલાને ફક્ત ધરમધક્કા જ ખવડાવ્યા હતા. જેનાથી કંટાળી જઈ તેણીએ અમરોલી પોલીસ મથકની બહાર જ ઝેર પી લીધું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સુરતના અમરોલી વિસ્તારની એક મહિલાએ ગત. ૨૧મીએ અમરોલી પોલીસ મથકની બહાર પોલીસની હાજરીમાં જ ઝેર ગટગટાવી લીધું હતું. પોલીસ કાર્યવાહીથી અસંતુષ્ટ મહિલા પોલીસને પહેલેથી જ ચેતવણી આપી ચૂકી હતી. કે હવે ધક્કા ખવડાવશો તો ઝેર પી લઈશ. સ્મીમેરમાં દાખલ મહિલાના આક્ષેપ મુજબ બે વર્ષથી પરિચિત યુવાને તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી. તેણે તેણીનું એટીએમ કાર્ડ ગીરવે મૂકી બે લાખ રૂપિયા વ્યાજે લઈ લીધા છે. તેમજ તેણીના દાગીના અને મોબાઈલ ફોન પણ વેચી નાંખ્યા છે. તેની પાસેના મોબાઈલ ફોનમાં તેણઈના બિભત્સ ફોટા છે. આ ફરિયાદ સાથે તેણીએ બે માસ અગાઉ અમરોલી પોલીસમાં અરજી કરી હતી. પોલીસે કાર્યવહી કરવાને બદલે તેણીને ગણેશપુરા ચોકી અને અમરોલી પોલીસ મથક વચ્ચે ફક્ત ને ફક્ત ધરમધક્કા ખવડાવ્યા હતા. આ મામલે કોઈપણ જાતની કાર્યવાહી નહીં કરતાંકંટાળી જઈ તેણીએ ઝેર પી લીધું હતું. સ્મીમેર હોસ્પિટલમાંથી આ મામલે વર્ધી લખાવવામાં મોડું કરાયું હતું.

દરિયાઇ સુરક્ષા અને વાઇટલ ઈન્સ્ટોલેશન સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી સાથે ભરૂચ પોલીસ દ્વારા દરિયાઈ માર્ગે પેટ્રોલીંગ



પ્રવર્તમાન ઉદભવેલી પરિસ્થિતીને ધ્યાને લઈ દરિયાઇ સુરક્ષા અને વાઇટલ ઈન્સ્ટોલેશન સુરક્ષા વ્યવસ્થાની ચકસણી અન્વયે આજરોજ ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ડીવાયએસપી એલ.એ.ઝાલા અંકલેશ્વર તથા એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર પી.એન.પટેલ નાઓ સ્ટાફના માણસો સાથે આલીયાબેટ વિસ્તાર તેમજ આલીયાબેટ થી ભાડભુત કોસ્ટલ વિસ્તાર તથા દશાન બેટની મુલાકાત લઇ દરિયાઈ માર્ગે પેટ્રોલીંગ હાથ ઘરી સલામતી સમીક્ષા કરવામાં આવેલ છે, અને આલીયાબેટ પર વસતા અને પશુપાલનનો વ્યવસાય કરતા કચ્છી જટ કોમ્યુનિટીના લોકોની મુલાકાત લઇ દરિયાઇ સુરક્ષા સંબંધે જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવેલ છે.

ગુજરાત ક્વીન ટ્રેનનો પાવર ફેઈલ થતા યાત્રીઓ અટવાયા

સુરત

અમદાવાદથી વલસાડ સુધી આવતી ગુજરાત ક્વીન ટ્રેનનો પાવર ફેલ થતાં હજારો યાત્રીઓ બીલીમોરા રેલવે સ્ટેશન ઉપર કલાકથી વધારે અટવાયા હતાં. અમદાવાદથી વલસાડ જિલ્લામાં આવતા યાત્રીઓએ મધ્યરાત્રીએ હેરાન થવાનો વારો આવ્યો હતો. બીલીમોરા રેલવે સ્ટેશન ખાતે કોઈ પણ જાહેરાત ન કરાતાં યાત્રીઓની મુશ્કેલીમાં વધારો થયો હતો.

રોજ સવારે વલસાડથી અમદાવાદ સમયસર ચાલતી અને અમદાવાદથી સાંજે ઉપડી મધ્ય રાત્રીએ વલસાડ રેલવે સ્ટેશન પર આવતી ગુજરાત ક્વીનનો સોમવારે રાત્રે બીલીમોરા રેલવે સ્ટેશન પાસે અચાનક પાવર ફેલ થયો હતો. બીલીમોરા રેલવે સ્ટેશન ઉપર કોઈ પણ જાહેરાત કરવામાં આવી ન હતી. વલસાડ રેલવે સ્ટેશન ઉપર રાહ જોતા પરિવારજનોએ પૂછપરછ કરતા ફરજ ઉપરના કર્મચારીઓએ તપાસ કરી જાહેર કરાયું હતું કે, બીલીમોરા ખાતે પાવર ફેઈલ થવાથી ક્વીન લેટ આવશે. ત્યાં સુધી યાત્રીઓને કોઈપણ જાણ કરવામાં આવી ન હતી. ઘટનાની જાણ તંત્રને થતા તાત્કાલિક રાત્રે વલસાડથી બીલીમોરા ખાતે નવો પાવર અને કર્મચારીઓને મોકલાવતા ૧ થી ૧:૩૦ કલાક બાદ ગુજરાત ક્વીન વલસાડ આવી હતી.

નીરવ મોદીની ૧૪૮ કરોડ રૂપિયાની સંપતિ જપ્તઃ મુંબઈ-સુરતમાં ઈડીની કાર્યવાહી

પ્રવર્તન નિર્દેશાલયે ૮ કાર, જવેલરી અને અચલ સંપતિને એટેચ કરી છે

મુંબઇ

નીરવ મોદીની ૧૪૭.૭૨ કરોડ રૂપિયાની સંપતિ પ્રવર્તન નિર્દેશાલય(ઈડી)એ એટેચ કરી છે. મુંબઈ અને સુરતમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. બંને શહેરોમાં જે પ્રોપર્ટી એટેચ કરવામાં આવી છે, તેમાં ૮ કાર, એક પ્લાન્ટ, મશીનરી, જવેલરી, પેટિંગ અને અચલ સંપતિનો સમાવેશ થાય છે.

નીરવ મોદી ૧૩,૭૦૦ કરોડ રૂપિયાના પીએનબી ગોટાળાના આરોપી છે. આ મામલામાં પ્રવર્તન નિર્દેશાલય મની લોન્ડ્રીંગની તપાસ કરી રહ્યું છે. નીરવે ગત મહિને વિશેષ અદાલતને જવાબ મોકલીને કહ્યું હતું કે તે સુરક્ષાના કારાણોથી ભારત નહિ આવી શકે. નીરવ હાલ યુકેમાં રહી રહ્યો છે.

ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ(પીએલએલ) કોર્ટમાં નીરવની વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. ઈડી ઈચ્છે છે કે નીરવને આર્થિક ભાગેડું અપરાધ કાયદા-૨૦૧૮ અંતર્ગત ભાગેડું જાહેર કરવામાં આવે. ઈડીની અરજી પર પીએમએલએ કોર્ટે નીરવ પાસે જવાબ માંગ્યો હતો.

પ્રવર્તન નિર્દેશાલય દેશ-વિદેશમાં સતત નીરવની પ્રોપર્ટી એટેચ કરવાની કાર્યવાહી કરી રહ્યું છે. ઓક્ટોબરમાં હોન્ગકોન્ગમાં ૨૫૫ સંપતિ એટેચ કરવામાં આવી હતી. અગાઉ નીરવ અને તેના પરિવારજનોની ૬૩૭ કરોડની પ્રોપર્ટી એટેચ થઈ હતી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અટળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847